समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૪ મે : ૨૦૧૦ અંક : ૧૧

**: પરામર્શનસમિતિ :**

**ભગવતીકુમાર શર્મા** પ્રમુખ

**ભોળાભાઈ પટેલ** વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય

**પ્રફુલ્લ રાવલ** પ્રકાશનમંત્રી

**: તંત્રી :**
યોગેશ જોષી

**: સહતંત્રી :**
પ્રફુલ્લ રાવલ

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com




## અનુક્રમ

| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | ગુજરાતી નવલકથાના વાચકો ઘટતા જાય છે ? □ભગવતીકુમાર શર્મા |
| **તંત્રીસ્થાનેથી** | શ્રી જોસેફ મેકવાનની વિદાય □યોગેશ જોષી |
| **કવિતા** | ધસી આવ્યું છે એક જંગલ... □ચંદ્રકાન્ત શેઠ, ગઝલ □નલિન રાવળ |
| **વિશેષ** | એક ગુજરાતીનું સપનું □નારાયણ દેસાઈ |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | ભાવકકલ્પનાને સક્રિય કરતી વાર્તાઓ □ઇલા નાયક, 'ટાબરિયાંની બાળવાર્તાઓ' વિશે □શ્રદ્ધા ત્રિવેદી |
| **અહેવાલ** | અસ્મિતાપર્વ–૧૩ □અજય પાઠક |
| **પરિષદવૃત્ત** | સંકલન : રાજેન્દ્ર પટેલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન :પ્રફુલ્લ રાવલ |
| **આવરણચિત્ર** | ભરત પંચાલ |

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

### લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯



# પરિષદ-પ્રમુખનો પત્ર

## ગુજરાતી નવલકથાના વાચકો ઘટતા જાય છે ?

દક્ષિણ ગુજરાતના એક નગરના જૂના પુસ્તકાલયના સંચાલકો એક પુસ્તક-પ્રકાશક-વિક્રેતાને મળ્યા અને તેઓએ કહ્યું, 'અમારે પુસ્તકો ખરીદવાં છે. વીસેક હજાર રૂપિયાનું અમારું બજેટ છે. તમે અમને પુસ્તકો આપી શકશો ?'

'ખુશીથી.' પ્રકાશકે જવાબ આપ્યો.

'પણ અમારી એક શરત છે.' સંચાલકોએ કહ્યું.

'શરત ?'

'હા, તમે અમને જે પુસ્તકો આપો તેમાં એક પણ નવલકથા ન હોવી જોઈએ.'

પ્રકાશકને આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું, 'કેમ ?'

'હવે અમારા ગ્રંથાલયના સભ્યો વાંચવા માટે નવલકથાની માગણી કરતા જ નથી.' ગ્રંથાલયના સંચાલકોએ સ્પષ્ટતા કરી.

ગુજરાતી નવલકથાકારોને આંચકો આપે એવી, પણ, આ સત્ય ઘટના છે.

છેલ્લા કેટલાક સમયથી એવું સાંભળવા તો મળતું જ રહ્યું છે, કે ગુજરાતી પ્રજાનો નવલકથા-વાચનનો રસ હવે ઘટતો જાય છે.

ઉપરોક્ત ઘટનાથી આ વાતને સમર્થન મળે છે.

સર્વત્ર છેક આવી વિષમ સ્થિતિ તો નહિ હોય. ગુજરાતી પ્રજાએ નવલકથાને સાવ તરછોડી નથી, છતાં અણસાર ઊજળા નથી. પ્રકાશકો નવલકથાની પ્રતસંખ્યા ઉત્તરોત્તર ઘટાડતા ગયા છે. એક સમયે ગુજરાતના ટોચના નવલકથાકારોની નવી નવલકથાની ૧૭૫૦ અને ક્યારેક તો ૨૨૫૦ નકલો છપાતી હતી. નવી આવૃત્તિઓ પણ ઝડપભેર થતી. આજે એ આંકડો સાતસો પચાસ સુધી ઘટી ગયો હોવાનું સાંભળ્યું છે. નવી આવૃત્તિઓ વિરલ લેખાય. હજી હમણાં સુધી તો 'નવલકથા' સહુથી વધારે વંચાતું અને વેચાતું સાહિત્યસ્વરૂપ છે, એમ પ્રતીતિપૂર્વક અને વારંવાર કહેવામાં આવતું હતું. આ દાવામાં તથ્ય પણ હતું જ. ગ્રંથાલયોમાં સૌથી વધારે ડિમાન્ડ નવલકથાઓની રહેતી. કેટલીક વાચકપ્રિય નવલકથાઓની તો ગ્રંથાલયો એકથી વધારે નકલો ખરીદતાં. ગોવર્ધનરામ, મુનશી, ર. વ. દેસાઈ, મેઘાણી, પન્નાલાલ, પેટલીકર, દર્શક, શરદબાબુ, ખાંડેકરથી માંડીને હરકિશન મહેતા, અશ્વિની ભટ્ટ, જોસેફ મૅકવાન, વીનેશ અંતાણી, ધ્રુવ ભટ્ટ ઇત્યાદિ અનેક લેખકોની નવલકથાઓ ગુજરાતીઓ હોંશે હોંશે વાંચતા આવ્યા છે અને તેઓ તે વાંચતા જ રહેશે એમ આપણે માનતા હતા, પણ આ એકાએક વિષમ વળાંક કેમ વર્તાવા લાગ્યો હશે ? ગુજરાતી વાચકોની હૃદયરાણી સમાન નવલકથા એકાએક અણમાનીતી જેવી કેમ થવા લાગી હશે ?

કેટલુંક વિશ્લેષણ કરીએ.

ટી.વી. વગેરેના ભારે પગપેસારાને કારણે ગુજરાતીઓનો જે કાંઈ વાચનરસ હતો તે પણ ઘટ્યો છે. નવલકથા જેવા કલ્પનોત્થ સાહિત્યપ્રકાર કરતાં આજની બદલાયેલી જીવનશૈલીમાં લોકોનું જીવનોપયોગી વાંચન પ્રત્યેનું આકર્ષણ વધ્યું છે. ગુજરાતભરમાં

પુસ્તકમેળાઓની સંખ્યા વધી છે. પુસ્તકમેળામાં હજારો, ક્યાંક તો લાખો લોકો ઊમટે છે. પુસ્તકોનું વેચાણ પણ ઠીક થાય છે. પરંતુ મહત્ત્વની તારવણી એ છે, કે પુસ્તકમેળાઓમાંથી ખરીદાતાં પુસ્તકોમાં નવલકથા-વાર્તા-કવિતા-નાટક-લલિત નિબંધનાં પુસ્તકોનું વેચાણ સાવ ઓછું અને અધ્યાત્મ, ચિંતન, વ્યક્તિત્વઘડતર, વ્યક્તિચરિત્રો, મૅનેજમેન્ટ જેવા વિષયોનાં પુસ્તકોનું વેચાણ ખાસ્સું વધારે હોય છે. વાનગી-કેશ કલાપ, મેંદી-ગૃહસજાવટ વગેરેની ચોપડીઓ તો ખરી જ. બાળસાહિત્ય વેચાય છે પણ તેમાં અંગ્રેજી ચોપડીઓ વધારે વેચાય છે.

ઉપયોગિતાવાદ અને ઉપભોક્તાવાદનું આજે જનજીવન પર આધિપત્ય છે. તેની પરોક્ષ અસર પુસ્તકપસંદગી ઉપર પણ પડે જ.

ઉત્તમ નવલકથા જીવન-ઘડતરનો સીધો બોધ ન જ આપે, છતાં તેવી નવલકથાઓ પરોક્ષ રીતે એ જીવનઘડતરની ભૂમિકા ભજવી શકે. આજના અતિ ગતિશીલ માનવજીવનમાં નવલકથા જેવા કલ્પનોત્થ સાહિત્યસ્વરૂપની તેવી ભૂમિકાને સમજવા-પચાવવાનું ધૈર્ય લોકોમાં ઘટ્યું હોઈ શકે અને તેથી લોકો 'સુખી જીવનની સરળ ચાવી' શોધવાનું અને પામવાનું વધારે પસંદ કરતા હોઈ શકે.

પણ વાચકોની બદલાયેલી વાચનરુચિ ઉપર બધો દોષ ઢોળવામાં પૂરું ઔચિત્ય ખરું ? આજના સર્જનાત્મક સાહિત્યનો લોકજીવન સાથેનો સીધો અને ગાઢ અનુબંધ કંઈક શિથિલ તો નથી થયો ને ? નવલકથા જેવું લોકપ્રિય સાહિત્યસ્વરૂપ વાચકોની ઉપેક્ષા પામવા લાગ્યું હોય તો વાર્તા, કવિતા, નાટક, લલિત નિબંધ જેવાં સ્વરૂપોમાં રચાતાં પુસ્તકોની શી સ્થિતિ હશે કે થશે તેની તો કલ્પના જ કરવી રહી.

સમગ્રપણે આપણું સર્જનાત્મક સાહિત્ય દિશા અને લક્ષ્ય ચૂકી તો નથી રહ્યું ને ?

**ભગવતીકુમાર શર્મા**



# તંત્રીસ્થાનેથી....

## શ્રી જોસેફ મૅકવાનની વિદાય



સચ્ચાઈપૂર્વક, સંવેદનપૂર્વક, સમભાવપૂર્વક જીવંત ચરિત્રો થકી દલિત સાહિત્યમાં એક આગવી સૃષ્ટિ ઊભી કરનાર, સમાજના નીચલા સ્તરના મનેખની વ્યથાનાં વીતક યથાર્થ દર્શાવનાર, કલ્પનાના બદલે પીડિત-શોષિત સમાજના અનુભવોને શબ્દોમાં અવતારનાર શ્રી જોસેફ મૅકવાન તા. ૨૮-૩-૨૦૧૦ના રોજ ચાલ્યા ગયા, દલિતચેતનાને પ્રજ્જ્વલિત કરીને, દલિતસાહિત્યને જાણે આંગળિયાત મૂકીને !

એમનો જન્મ ૯-૧૦-૧૯૩૬ના રોજ આણંદ તાલુકાના ત્રણોલી ગામે. બાળપણ ગરીબીમાં વીત્યું. રાધેશ્યામ શર્માના પ્રશ્ન – 'ભોજનમાં કયાં કઠોળ, ફરસાણ, અથાણાં ભાવે ?'ના જવાબમાં એમણે લખેલું – 'વેળાએ મળ્યાં તે કેળાં.' ('સાક્ષરનો સાક્ષાત્કાર') મજૂરી કરતાં કરતાં તેઓ ભણ્યા. અપરમાનો ત્રાસ અને બાપની બેદરકારી વેઠેલી. માની, માના વાત્સલ્યની ઝંખના સતત રહેલી. કેફિયતમાં એમણે નોંધ્યું છે –

> 'નમાયો હોવાને લીધે મારી નિત્યપ્રતિની ખોજ રહી છે માની, માના વાત્લલ્યની. આ ભાવ અનેક માતાઓએ પોષ્યો. મારી અભણ સખીઓએ એમની વિપદાઓમાં પલોટીને મને અઢળક આપ્યું. એમનાં કામોના અનુભવોએ મને ઘડ્યો. સમાનુભૂતિનાં પ્રદાનોએ મારો ભંડાર ભર્યો. અને હું જાતિ, વર્ણ, રંગ, ઊંચ-નીચના ભેદોથી પર બનીને માત્ર માણસ બન્યો, સાચો કે ખોટો એ તો મારાં લખાણ જ કહેશે.'
>
> ('શબ્દસૃષ્ટિ', ઑક્ટો.-નવે. ૨૦૦૭)

માની સોડ્ય ભલે એમને ન મળી, પણ ભવાન ભગતની સોડ્ય એમને સાંપડી હતી. ભગતની શીખે એમને જાળવ્યા હતા, ઘડ્યા હતા. ભગતનાં ભજનોમાં એમણે એમનો સૂર મેળવ્યો-કેળવ્યો હતો. ભગતના મુખેથી એમણે 'નીવડેલાં લોકની વાતો' રૂંવે રૂંવે પીધી હતી. જેના થકી એમનામાં જાણે-અજાણે સાહિત્યનાં સંસ્કાર સીંચાયા ને માનવતાને ઉજાગર કરતાં શીલ રોપાયાં. 'વ્યથાનાં વીતક'માં એમણે ભવાન ભગતનું પ્રભાવક ચરિત્ર આલેખ્યું છે. વાસ્તવમાંથી, અનુભવમાંથી એમને પાત્રો સાંપડ્યાં છે. ચરિત્ર તથા પરિવેશના આલેખન-ચિત્રણની એમની શક્તિ નવલકથા-વાર્તામાંય એમને ખપ લાગે છે. આ ચરિત્રો અને એમની ભાષામાં પોતીકી માટીની મહેક પામી શકાય છે. 'નયા માર્ગ'માં એમનાં ચરિત્રો પ્રગટ થવા લાગ્યા ત્યારથી સહુનું ધ્યાન ખેંચાયેલું. ચરિત્રચિત્રણમાં એમણે સાચ સાથે કોઈ ચેડાં કર્યાં નથી. 'વ્યથાનાં વીતક'ના નિવેદનમાં એમણે નોંધ્યું છે –

'...આવાં ચરિત્રોના લેખકને હકીકતથી ચાતરવું પાલવે જ નહીં. કલ્પનાના કનકવે મારે ચગવું જ હોત તો દરિયો, લક્ષ્મીનો ચાંલ્લો, તાલ : તબલાંના – જિંદગીના અને ભવાન ભગત જેવાં રેખાચિત્રોમાંથી હું નવાંશે નવલકથાઓ સર્જી શકત; શામળીકાકાની હૂંઢલ,

ઉકમલ્લ ને હેઝલ પદમણીમાંથી સંઘેડાઉતાર નવલિકાઓ કંડારી શકત; પણ ત્યારે એમનું પોત, એમની જિંદગીઓનું સાચ વણનીતર્યું રહી જાત.'

'શોષાતાં, રિબાતાં, રવરવતાં, વલવલતાં ને તોયે ખુમારી ના છોડતાં આ જીવતરોને મેં એમના જીવન-પ્રણયનમાં રસાઈને અનુભૂત્યાં છે; આજેથી અજંપો આપતી અને કલમ ગ્રહાવતી એ જ યંત્રણાઓ મને જંપવા નથી દેતી.

જીવતરનું સાચ, માનવતાનું સાચ, માટીથી મહેકતા શબ્દનું સાચ અને શીલ એ જોસેફભાઈની મૂડી છે. અનુભવ અને ઘટના પ્રત્યે એમને ઘણો પક્ષપાત રહ્યો છે. રાધેશ્યામ શર્માએ નોંધ્યું છે :

'જોસેફ આત્મકથાચરિતને જ નવલ-નવલિકા-કથાના ઢાંચાઢાળમાં બખૂબી અને બળૂકી બાનીમાં રજૂ કરે છે... જોસેફની સાહિત્યિક ભાષા એ એમની સહજ બોલાતી વાણી છે.'

આ લેખકની સંવેદનશીલતા કેવી છે ? – એમના જ શબ્દોમાં જોઈએ :

> 'અવાવરું કૂવો દેખું ને મને લાડુ દેખાય, રોતી વિધવા ભાળું ને મને લખમી કળાય. હેઝલના મરશિયા મારા ઉજાગરા બને. શામળીના ઓરતા મારી લાગણીઓ લકવે.'

એમનાં ચરિત્રનિબંધોના સંગ્રહ 'વ્યથાનાં વીતક'માં જીવતરનું અને માનવતાનું સાચ મહોરી-મહેકી ઊઠ્યું છે. 'આંગળિયાત'માં દસ્તાવેજી મૂલ્ય સાથે ચરોતરમાં તમાકુની ખળીઓમાં ખાનાખરાબ થતાં, શોષાતાં, રિબાતાંનાં જીવતરની વાત આલેખાઈ છે. આ કથામાં દલિત દૃષ્ટિકોણથી વણકર અને પટેલ કોમનો સંઘર્ષ નિરૂપાયો છે. આ કથાનાં પાત્રોની બોલીમાં ચરોતરની લોકબોલીની મહેક અનુભવાય છે. 'આંગળિયાત' ઉપરાંત એમની પાસેથી 'લક્ષ્મણની અગ્નિપરીક્ષા', 'મારી પરણેતર', 'દાદાનો દેશ', 'મનખાની મિરાત', 'બીજ-ત્રીજનાં તેજ', 'આજન્મ અપરાધી', 'માવતર', 'ભીની માટી કોરાં મન', 'અમર ચાંદલો', 'દરિયા', 'અંગવટો' તથા 'અપનો પારસ આપ' જેવી નવલકથાઓ મળી છે. 'વ્યથાનાં વીતક' પછી એમની પાસેથી 'વહાલનાં વલખાં', 'મારી ભિલ્લુ' તથા 'જનમજલાં' જેવા ચરિત્રનિબંધોના સંગ્રહો પ્રાપ્ત થયા છે. 'સાધનાની આરાધના' તથા 'આગળો' એમના વાર્તાસંગ્રહ છે.

'કલા પ્રમાણી છે પણ જીવતરને ધોખો નથી દીધો' એવા, દલિતચેતનાને ઉજાગર કરનાર જોસેફભાઈને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવું છું.

**– યોગેશ જોષી**

# કવિતા

## ધસી આવ્યું છે એક જંગલ... | ચંદ્રકાન્ત શેઠ

**જ્યાં ઝાડ ત્યાં જંગલ,**
**જ્યાં ભવ ત્યાં ભવાટવિ.**
**જંગલ ઊગી શકે ગમે ત્યાં,**
**જમીન જોઈએ**
**ટાઢતાપ સહે એવી;**
**વરસાદને વેઠે એવી !**
**'જંગલ' કહ્યું એટલે એમાં જંગલી જનાવરોયે ખરાં :**
**સિંહ ને વાઘ**
**ચિત્તા ને દીપડા જેવાં –**
**– આપણને ભરખી જાય એવાં**
**કેટલાંયે ખતરનાક પ્રાણીઓ;**
**પણ એમાં આપણે શું ?**
**આપણે તો અહીં સલામત ગંજાવર ગઢમાં :**
**ગઢની અંદરના ગામમાં,**
**ગામની અંદરના ઘરમાં,**
**ઘરની અંદર પંચભૂતોના પાંજરામાં,**
**સુરક્ષાના સંગીન સકંજામાં...**
**જંગલ વધે કે વિસ્તરે;**
**આપણે શું ?**

**પણ ગઈ કાલે,**
**અધરાતે કે મધરાતે**
**જ્વાળામુખીમાંથી સળગતો લાવા ઊછળતોક ને ધસી આવે,**
**કોઈ કાલિન્દીના ધરામાંથી હજાર ફણાલો કાલીનાગ**
**ફુત્કારતો ધસી આવે,**
**એમ ધસમસ ધસી આવ્યું કે એક જટિલ જંગલ**
**લીલાછમ ભુખાળવા કો અજગરની જેમ,**
**ને એણે મને જકડી લીધો ભરડામાં જડબેસલાક,**
**ન ખસાય કે ન ચસાય !**
**ભયનું ચિત્કારવા પહોળું થયેલું મોં પણ**
**જેમનું તેમ ઝલાઈને રહી ગયું હવામાં !**

મચી ગયો આતંક
મારી આસપાસ ને અંદર !
જાણે ભડભડતા થાંભલા ફાટવા માંડ્યા
ને પ્રગટવા માંડ્યા નૃસિંહ સાક્ષાત્ !
મને ભરખી જવા પહોળાં થયેલાં કેટલાં હિંસક જડબાં મારી ચોતરફ !
હાથીગેંડાયે ધસવા માંડ્યા મારી તરફ
મને મૂળસોતાં ઉખેડી નાખવાને !
જાણે હમણાં કોઈ 'ખાઉં ખાઉં' કરતુંક આવી લાગશે
ને એકદમ સજ્જડબમ મને બોચીએથી પકડી
પીંખી નાખશે મારા પંડને જોતજોતાંમાં...
જાતે નહીં હું બચી શકું,
નહીં કોઈ બીજું મને બચાવી શકે.
મારી આંખોમાં મંગળ પ્રભાતનાં સપનાં આંજનારો સૂરજ,
તેય હવે તો આથમી ગયો...
ઘુવડની આંખોથી ભયભીત ચંદ્ર
ડરનો માર્યો કાળોધબ થઈ ઠરી ગયો...
અહીં કઈ ક્ષણે,
તારાની જેમ ચમકતા કયા દરમાંથી
સાપ નીકળશે કે વીંછી ? – કહેવાય નહીં.
જંગલ ક્યાં સુધી કરશે મને આતંકિત ? – કહેવાય નહીં.
જંગલના દેવને મારા પિંડનો ક્યારે ચડશે ભોગ ?
– કહેવાય નહીં.
આપણે તો પ્રહ્લાદને પડખે ચડીને
ઊભા રહી ગયા છીએ !
હિરણ્યકશિપુનું તો જે નિર્ધારિત હશે તે થશે
આપણે શું ?
જંગલના દવને આપણું ઝાડ નજરે ચડી ગયું છે,
એ હવે એને સમૂળગું ખાક કરી દે તોયે આપણે શું ?
આપણે તો પ્રહ્લાદના પડછાયામાં જ ઊભા રહી ગયા છીએ;
બીજું શું થઈ શકે ?

૯-૨-૨૦૧૦

## ગઝલ | નલિન રાવલ

જ્યાં જ્યાં નજર
ત્યાં ત્યાં ગઝલ
ગઝલનો દરિયાવ ઘૂઘવે ચોતરફ

આ તરફ રાજેન્દ્ર ને તે તરફ આદિલ
આ તરફ મનોજ ને તે તરફ ઇર્શાદ
જ્યાં જ્યાં નજર
ત્યાં ત્યાં ગઝલ
ગઝલનો દરિયાવ ઘૂઘવે ચોતરફ

આ તરફ ખલીલ ધનતેજવી ને તે તરફ મનહર
આ તરફ રાજેશ ને તે તરફ અંકિત
જ્યાં જ્યાં નજર
ત્યાં ત્યાં ગઝલ
ગઝલનો દરિયાવ ઘૂઘવે ચોતરફ.

## બે ઘડી | દિલીપ મોદી

ભૂલ થઈ ગઈ છે હિમાલય જેવડી,
આગ સાથેની રમત ભારે પડી.

'ના' કહેવું પણ ખરેખર અઘરું છે,
શોધું એ માટેની જાદુઈ છડી.

સ્વપ્ન જોવાનું શી રીતે છોડી દઉં ?
આરઝૂઓ રાતભર જ્યાં તરફડી.

હોય છે શું પ્રેમનો મતલબ કહો ?
બે હૃદયને સાંકળે અદ્ભુત કડી

આ જગતમાં કોઈ પણ ના હો સુખી,
સૌની આંખો ચોરીછૂપીથી રડી.

આપું છું ઠપકો હું મારી જાતને
કેટલીયે વાર એ આમ જ લડી.

હું તો વટનો હોઉં છું કટકો 'દિલીપ'
જીવતો હું એવી રીતે બે ઘડી.

# એક ગુજરાતીનું સપનું

**નારાયણ દેસાઈ**

ગિરા ગુર્જરીને વિશ્વગુર્જરી બનાવવાની પ્રક્રિયા નિરંતર આરોહણની હશે. એકએક શિખર ચડ્યાં પછી આરોહકને નવાં નવાં શિખરો દેખાતાં જશે. એ માત્ર લાંબી જ પ્રક્રિયા નહીં, પણ સતત વિકસતી પ્રક્રિયા છે.

આખી પ્રક્રિયાનો વિચાર ત્રણ રીતે કરી શકાય : ભાષાના વિસ્તારની દૃષ્ટિએ, એની ગુણવત્તાની દૃષ્ટિએ અને એના સેવકની સાધનાની દૃષ્ટિએ.

વિશ્વગુર્જરી ગુજરાતી બોલતી સમગ્ર પ્રજાને વાચા આપતી હોવી જોઈએ. એમાં ગુજરાતનાં એ સઘળાં જૂથો પણ આવી જાય, જેને આજે ભાગ્યે જ વાચા મળે છે. દાખલા તરીકે અભણ, ગરીબ, દલિત, પીડિત, વંચિત, ઉપેક્ષિત, અલ્પસંખ્યક વગેરે વગેરે સર્વ જૂથો. આ ઉપરાંત ભારતના પ્રાંતે પ્રાંતે અને વિશ્વને ખૂણે ખૂણે વસતા ગુજરાતીઓની પણ એ ભાષા બનવી જોઈએ.

અત્યારે ગુજરાતી સાહિત્ય તેના સ્વરૂપ, રસના કે શૈલી અંગેના પ્રયોગોમાં જ મુખ્યત્વે વ્યસ્ત લાગે છે. આ બાબત તેણે પ્રગતિ પણ સારી એવી કરી છે. પણ એની ગુણવત્તા વધારવા સારુ એટલું પૂરતું નતી. સ્વરૂપ, રચના અને શૈલી અંગે થાય છે એની કરતાં ઘણા વધારે પ્રયાસો એની વિષયવસ્તુમાં વધુ ઊંડાણ અને વ્યાપકતા આવે એ દિશામાં થવા જોઈએ. આખા વિશ્વને ઓછેવત્તે અંશે સ્પર્શે એવા પ્રશ્નો આજે મોજૂદ છે. કરોડોને પૂરતો પોષક ખોરાક મળતો નથી; દુનિયાની ખાસી મોટી વસ્તીમાં હજુ નિરક્ષરતા વ્યાપ્ત છે. ભણેલા અને અભણ બંને પ્રકારના લોકોમાં બેકારી વધતી જાય છે. રાજ્ય અને લોકોના સંબંધો અંગે ઊંડા વિચાર કરવાની જરૂર છે. લોકશાહીના વર્તમાન સ્વરૂપ અંગે પુનઃવિચારની જરૂર છે, આજના સંદર્ભમાં નીતિશાસ્ત્ર કેવા સિદ્ધાંતો ઉપર ઊભવું જોઈએ; ઘણાખરા ધર્માવલંબીઓમાં દેખાતી સાંપ્રદાયિક કટ્ટરતા; પર્યાવરણ અંશેના તમામ પ્રશ્નો જેવા કે ગ્લોબલ વૉર્મિંગ, ઓઝોન ઝોનમાં ગાબડાં, ભૂમિનું વ્યાપક સ્મરણ, પરમાણુ-વિકિરણ અને રસાયણોને લીધે જલ, જમીન, વાયુ અને વાતાવરણમાં ફેલાતું વિષાક્ત પ્રદૂષણ, પોતાને મૂલ્યનિરપેક્ષ લેખતા વિજ્ઞાનની મર્યાદાઓ; દર્શન, રહસ્યવાદ અને અધ્યાત્મની સમજ અંગે થતા ગોટાળાઓ; મોટેભાગે આપણાં શહેરોના મધ્યમ વર્ગના પ્રશ્નોમાં જ સમાઈ જતા આપણા સાહિત્યે ઉપર જણાવ્યા તેવા પ્રશ્નો અંગે વધુ અભ્યાસપૂર્વક અને સાહિત્યિક આવડત સાથે ઊંડા ઊતરવું પડશે. અને આપણી ભાષાએ અત્યાર સુધીમાં જે સાંસ્કૃતિક વારસો મેળવ્યો છે તે ક્યાંક આધુનિકતાના વ્યામોહમાં વીસરાઈ કે ભૂંસાઈ ન જાય તેની પણ કાળજી રાખવી પડશે.

ભાષાને ઊંચી ઉઠાવવા અને તેને સમર્થ બનાવવા ગુજરાતના લેખકે સાધના કરવી પડશે. તેના વિના ગિરા ગુર્જરી વિશ્વગુર્જરી શી રીતે થાય ? આપણા સાહિત્યકારે પોતાની દૃષ્ટિને વિશાળ અને હૃદયને નિર્મળ કરવું પડશે. વાદગ્રસ્ત બુદ્ધિ અને વાસના-ત્રસ્ત હૃદય સાધકની સાધનામાં મોટાં અંતરાયરૂપ થતાં હોય છે. આમ કરીને હું લેખકને સંકુચિત વૃત્તિના પ્યૂરિયન થવાનું સૂચવતો નથી. હું એટલું જ સૂચવવા માગું છું કે લેખકનું મસ્તિષ્ક બંધિયાર ન હોવું જોઈએ. તે પોતાનાથી અલગ વિચારોને સમજવા માગશે, એની કદર કરશે તથા તેમાંથી યોગ્ય લાગે તેટલું મુદ્રણ કરશે તો જ એ પોતાની મર્યાદાઓને ઓળંગી શકશે. વળી તે દ્વેષ અને તિરસ્કારભાવથી જેટલો ઉપર ઊઠશે તેટલી તેની સાધના ઊંચી જશે. તેનામાં શાસન કે સમ્પત્તિની ખુશામત ન કરવા જેટલી ખુમારી હશે અને પોતાના બરોબરિયાના ગુણો જોવા જેટલું મોટું મન હશે. ગુજરાતી સાહિત્યકાર પ્રસિદ્ધિમાં ભળે પાછળ રહે, ગુણવત્તામાં એ કોઈથી પાછળ ન રહેવો જોઈએ. પછી એના મુક્ત મસ્તિષ્ક અને સંચલિત હૃદયમાંથી જે સરસ્વતી વહેશે તે વિશ્વકક્ષાની હશે. તે વાણીને પંચેકરિયાઓનાં સખ કરતાં વધુ રસ હશે આત્માના આનંદમાં. તે કવિને કે લેખકને પોતાના આંતરિક જગતનાં જ્ઞાન, કર્મ અને ભક્તિની અભિન્નતાનો પ્રત્યય કરાવશે અને સમાજને એ સર્વ ભેદોને વટાવીને અભેદ તરફ લઈ જવા પ્રેરશે તેમજ સમગ્ર સૃષ્ટિ સાથે એ સ્વરસંવાદિતા સાધશે.

મારું સ્વપ્ન છે ગિરા ગુર્જરીને વિશ્વભાષાના આસને બિરાજેલી જોવાનું. એ આસન સુવર્ણમંડિત કે રત્નજડિત નહીં હોય. માટીનું હશે – માણસે મેલી કરેલ રસાયણો વડે. પરમાણુ-વિકિરણો કે જાતજાતના કચરાથી મુક્ત એવી સ્વચ્છ, સુંદર, પવિત્ર માટીનું આસન. એ આસનેથી અભિવ્યક્ત થયેલી વાણીમાં અભેદ અને એકરાગિતાની ગૂંજ હશે. એ વાણીમાં વિશ્વની તમામ વેદના – રાગદ્વેષની, ઊંચનીચની, દ્વંદ્વ-પ્રતિદ્વંદ્વિતાની, મલિનતા અને કુટિલતાની, જાતિ, સંપ્રદાય, ફિરકા, વાડા, રંગ, લિંગ, પ્રાંત, રાષ્ટ્ર વગેરે ભેદભાવોથી ઉત્પન્ન થતી વેદનાને શમાવવાની ચંદનશીળી અમૃતમય ક્ષમતા હશે. અને એ વાણીમાં તાકાત હશે ઊંઘતાને જગાડવાની, પડેલાને ઉઠાવવાની અને મરેલાને સજીવન કરવાની.

આ સપનું એવું છે કે જેને સિદ્ધ કરવા વિશ્વનું કલ્યાણ ઇચ્છતા અને વિશ્વના કલ્યાણમાં જ પોતાનું કલ્યાણ છે એમ સમજતા સૌએ પોતાનો પુરુષાર્થ ભેળવવાનો છે. જરા અજમાવી જુઓ તો સમજાશે કે એ સહિયારા પુરુષાર્થમાંજ બધી આળસ અને બધો કંટાળો ખંખેરી નાખવાની અને બધો થાક ઉતારી દેવાની ક્ષમતા છે.

r

# સમીક્ષા/ગ્રંથાવલોકન

## ભાવકકલ્પનાને સક્રિય કરતી વાર્તાઓ | ઇલા નાયક

[**'બાંધણી'** : લે. બિન્દુ ભટ્ટ, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, પ્ર. આ. સપ્ટે. ૨૦૦૯, કિં. રૂ. ૮૦/-]

અનુઆધુનિક યુગમાં તારસ્વરે સાહિત્યમાં પ્રવેશેલો નારીવાદ હવે મંદ પડ્યો છે. સાંપ્રત સમયમાં સ્ત્રી ઘણા ક્ષેત્રે સ્વતંત્ર રીતે વિકસી છે. છતાં આધુનિકતાના ઉપલા સ્તર નીચે ગોપિત પરંપરા, રૂઢિચુસ્તતા સ્ત્રીને આજે પણ અન્યાય કરે છે. વળી દૈવે દીધેલું માતૃત્વ પણ એને અનેક રીતે પીડે છે. વૈધવ્ય કે નિઃસંતાનપણાની પીડા તે વેઠે છે. તો સ્ત્રીદેહ પણ તેના શોષણનું કારણ બને છે. આથી આજે પણ 'નારીવાદી' રચનાઓ પ્રસ્તુત બને છે. બિંદુ ભટ્ટના ''બાંધણી'' વાર્તાસંગ્રહની કેટલીક રચનાઓ નારીશોષણની વાત કહે છે પણ આ રચનાઓમાં નારીવાદનો ચહેરો જુદી રીતે પ્રગટ થયો છે. ''બાંધણી'' તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ છે. આ પહેલાં તેમણે સ્ત્રી-સંવેદનને કેન્દ્રમાં રાખી લખેલી 'મીરાં યાજ્ઞિકની ડાયરી' અને 'અખેપાતર' જેવી નવલકથાઓ દ્વારા સહૃદયીઓનું ધ્યાન ખેંચ્યું હતું. પ્રસ્તુત સંગ્રહની વાર્તાઓમાં પણ નારીસંવેદન કેન્દ્રમાં રહેલું છે. કુટુંબ, સમાજ કે નસીબસંજોગે પીડિત નારી અહીં પોતપોતાની રીતે અન્યાયભરી સ્થિતિમાંથી મુક્ત થવાનો માર્ગ કાઢે છે તો કેટલીક સંઘર્ષમાં જ જીવે છે, એની કથા છે.

આવી વાર્તાઓમાં 'દહેશત'ની નાયિકા ધ્યાન ખેંચે છે. વર્ષા પરણીને સાસરે આવે છે ત્યારે સસરાની લોલુપતાને પામી જાય છે, પણ આ અંગે તે સ્પષ્ટ નથી. તેને થાય છે કે સસરા વધુ પડતા ફ્રૅંક છે. પણ રસિકલાલની દ્વિઅર્થી વાણી અને વર્તન તેનામાં ભય તો જન્માવે જ છે. આ કહેવાય નહીં અને સહેવાય નહીં એવી સ્થિતિમાંથી રસ્તો કેમ કરવો ? પિતાને સ્થાને એવા સસરાની રસિક ભાષા સાંભળી તે હચમચી ઊઠી હતી. તે ઘડીક એમ પણ વિચારે છે કે સસરાને સમજવામાં ક્યાંક તેની સમજફેર તો નથી થતીને ? પણ હનીમૂન પરથી આવ્યા પછી રસિકલાલની વધતી હરકતોથી તે સમસમી જાય છે. એક વાર રસિકલાલના નાહીને બહાર આવ્યા પછી વર્ષા નહાવા જાય છે તો પોતાનાં અન્ડરવેર્સને ચોળાયેલાં, ચૂંથાયેલાં જુએ છે. સસરાની હલકાઈએ હદ વટાવી હતી. તે રસિકલાલની દાક્તરી તપાસના રિપોર્ટ કરાવવા એમની સાથે જ જાય છે. ટેસ્ટનાં સૅમ્પલ આપી પાછા વળતાં તે રસિકલાલને સ્પષ્ટ કહે છે : ''હું તમારી દરેક હરકત જાણું છું. તમારા ઇશારા સમજું છું. તમે મારી અંગત વસ્તુઓ ફેંદો છો, કપડાં સાથે ગંદા ચાળા કરો છો. મારી પાસે નક્કર પુરાવા છે. આજે હું નિમેષને કહી દેવાની છું...'' અને વળતી વખતે તેઓ એકલા રિક્ષામાં આવે છે. આ પછી તેઓ આણંદ પહોંચ્યાને ચોવીસ કલાક થયા નથી અને ત્યાં એમને ઍટેક આવ્યો અને મૃત્યુ પામ્યા. વર્ષાને થાય છે કે શું એમને દહેશત હશે કે એણે નિમેષને બધું કહી દીધું હશે.'' અહીં વર્ષા સસરાને બદનામ કર્યા વિના નીડરપણે પોતાનો માર્ગ શોધી લે છે. વર્ષા નક્કી નથી કરી શકતી કે સસરાનું મૃત્યુ એ છુટકારો છે કે પછી... અહીં લેખિકાએ બીજો વિકલ્પ વાચક પર છોડીને સર્જકતાની પ્રતીતિ કરાવી છે. 'બાંધણી' વાર્તામાં નાયિકા સુધા અને એનાં સાસુ નિયતિદીધા દુઃખે સંતપ્ત છે. સાસુ પુત્રમૃત્યુની પીડાને હૃદયમાં દબાવી પુત્રવધૂના દુઃખને હળવું કરવા મથે છે. સમાજની પરવા કર્યા વિના તેઓ સુધાને રંગીન કપડાં પહેરાવે છે. સુધાને ગમતા રંગની બાંધણી પહેરવા પ્રેરે છે. પોતાનો આધાર ગુમાવી બેઠેલાં બા સુધાના ઘા ભરવાનો પ્રયત્ન કર્યા કરે છે. સુધા પણ પતિની સ્મૃતિઓથી મુક્ત થવા મથે છે. બન્ને સમદુઃખી સ્ત્રીઓ એકમેકનો આધાર બનવા પ્રયત્ન કરે છે. એક દિવસ સુધા પોતાને ગમતા રંગની બાંધણી લાવીને સાસુને બતાવે છે ત્યારે તેમને ત્યાં કામ કરતી ચંચળ બોલી ઊઠે છે, ''હેં બા ભાભીને આ રંગ પેરાય ?'' આ સાંભળી સુધા ત્યાંથી જતી રહે છે અને બા ચંચળને ઠપકો આપે છે. અને કહે છે : ''મને ઈ કે કે ધણી હોય ઇ હારું કે ધણીનો પ્રેમ ?'' ચંચળનો વર એને ઘણું દુઃખ આપે છે પણ એને આશ્વાસન છે કે એનો વર જીવે છે તેથી પોતે સારું પહેરી-ઓઢી તો શકે છે ! આ પછી ચંચળના વરે આપઘાત કર્યાની ઘટના ઘટે છે ત્યારે પહેરવા-ઓઢવાની શોખીન ચંચળ વિધવાના વેશમાં કેવી લાગતી હશે એની કલ્પના સુધાને કમકમાવી મૂકે છે અને એને સાસુની હિંમત સમજાય છે. આ પછી વિધવા ચંચળ તેમને મળવા આવે છે ત્યારે એ બદલાયેલી લાગે છે. વિધવાનો વેશ હતો પણ તે શરીરે ભરાઈ હતી અને વાન પણ ઊઘડ્યો હતો. વાર્તાકારનું આવું નિરૂપણ પતિના મૃત્યુએ ચંચળને દુઃખોમાંથી મુક્ત કરી હતી એવું ઇંગિત આપે છે. બાએ ચંચળના માથે બાંધણી નાખી ત્યારે એ કંઈ બોલી શકતી નથી પણ એની આંખમાંથી આંસુ દડે છે. સમાજની રૂઢિથી પીડિત નારીની આ કથામાં અહીં વાર્તાકારે બે પાત્રોને સામસામે મૂકીને વૈધવ્યના દુઃખના ઉકેલને વ્યંજિત કર્યો છે; પણ વિધવા ચંચળને એનો રંગવિહોણો વેશ રડાવે છે.

'મંગલસૂત્ર' વાર્તામાં ઉત્તરભારતના પરિવારોની કથા નિમિત્તે પુષ્પાના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક સંઘર્ષની અભિવ્યક્તિ થઈ છે. પુષ્પા અને હરપાલ ત્રણ પુત્રીઓને લઈને ઉત્તર પ્રદેશનાં ગામડાંમાંથી અમદાવાદ કામ કરવા આવે છે. હરપાલ જૂના જમાનાના ઠાકુર સ્વભાવનો અહંકારી અને આળસુ છે. જોડકાં દીકરીઓના જન્મ પછી તે પુષ્પાને લઈ અમદાવાદ આવે છે અને મિલમાં કામ કરવા રહે છે. મિલ બંધ પડતાં તે છૂટક કડિયાકામ કરે છે અને કામ ન મળે તો બેસી રહે. પુષ્પા પતિને મદદ કરવા હાથસાળ પર કામ કરે છે. તે વતનથી અહીં આવી ત્યારે અહીં શહેરની સ્ત્રીઓને બહારનાં કામ કરતી જોઈ નવાઈ પામતી. પણ પાડોશણ રજ્જોના સહવાસે તે બદલાતી જાય છે. અને પુત્રીઓને કૉલેજમાં ભણવા પણ મોકલે છે. મોટી પુત્રીને પોતાની સાથે કામ પર લઈ જવા માગે છે પણ તે હરપાલથી ડરે છે અને હાજરીમાસ્ટરને કહેવા વિચારે છે પણ આપવા માટે પૈસા નથી. અંતે તે ગળામાંથી મંગળસૂત્ર કાઢીને રજ્જોને આપે છે મુન્નીને નોકરી અપાવવા માટે. આમ અહીં મંગળસૂત્ર પરિણીત સ્ત્રીના સૌભાગ્યનું સૂચક બનતું નથી પણ પુત્રીઓના જીવનનું મંગલ કરનાર સૂત્ર બની રહે છે. 'મંગળસૂત્ર' એનો લાક્ષણિક અર્થ છોડી અભિધાપ્રાપ્ત સાંકેતિક અર્થ ધારણ કરે છે. પુષ્પા દીકરીઓ માટે જીવવાનો નિર્ણય કરે છે. તે વિચારે

છે આ છોકરીઓ જ એના માટે ખુલ્લી હવા અને દિવસનું અજવાળું લઈને આવી છે કેમકે જોડકાં પુત્રીઓના જન્મ પછી જ હરપાલ શહેરમાં આવવા તૈયાર થયો હતો. આમ, જીવન સાથે ઝઝૂમતી પુષ્પા મંગળસૂત્ર આપીને મોટી પુત્રીને કામ પર મોકલવાનો સ્વતંત્ર નિર્ણય કરીને પોતાનો રસ્તો કરે છે. સમાજવાસ્તવની ભોંય પર ઊભેલી આ વાર્તાની નાયિકા પુષ્પા નિર્ણયાત્મક શક્તિ પ્રાપ્ત કરી સ્વતંત્રતાની દિશામાં એક પગલું માંડે છે.

આ ઉપરાંત 'આંતરસેવો', 'અભિનંદન', 'જાગતું પડ', 'નિરસન', 'આડા હાથે મુકાયેલું ગીત', 'પગેરું' અને 'ઉંબર વચ્ચે' વાર્તાઓમાં કિશોરાવસ્થામાં ઉદ્‌ભવતા વિજાતીય આકર્ષણ નિમિત્તે નાયક-નાયિકાનાં મનઃસંચલનો ચિત્રિત થયાં છે. 'તાવણી' વાર્તામાં વિપરીત સંજોગોમાં ઝૂઝતી વ્યક્તિ સ્નેહતંતુને આધારે ટકી જાય છે તેની વાત છે. આ બધી જ વાર્તાઓમાં ઘટના કરતાં પાત્રોનાં મનઃસંચલનો પ્રતિ જ વાર્તાકારનું લક્ષ વધુ રહ્યું છે.

''સાસુ તો સ્નેહશૂન્ય અને કરડા સ્વભાવની જ હોય'' એવી રૂઢિગત માન્યતાને કારણે સાસુથી અંતર રાખીને વર્તતી 'આંતરસેવો' વાર્તાની લતા વાર્તાન્તે કેવી બદલાઈ જાય છે તે રસપ્રદ રીતે આલેખાયું છે. સસરાના ગુજરી ગયા પછી લતા આગ્રહપૂર્વક સાસુને પોતાની સાથે તેડી લાવે છે ત્યારે આવી ગુણિયલ વહુ પ્રાપ્ત કર્યાનો તારાબહેન હરખ અનુભવે છે. સાસુને ધીરજ આપતી લતા ફડક અનુભવે છે કે આ લાગણીનું પૂર એને જુદી જ અણગમતી દિશામાં તાણી જશે તો ? તેથી તે સાસુને લાગણીથી જાળવે છે પણ એક ચોક્કસ અંતર જાળવીને. તે સાસુ પર વહાલથી વરસી પડતી નથી. તારાબહેનને વહુનું આ વર્તન સમજાતું નથી. તારાબહેનના મૃત્યુ પછી એમનું કબાટ ખાલી કરવાનો પ્રસંગ આવે છે ત્યારે સાસુની સાડીઓ ઉકેલાતી જાય છે એ સાથે એમની સાથે લતાની લાગણી હીરની દોરીથી વણાતી જાય છે. સાસુના મૃત્યુ પછી લતા એમની એકદમ નિકટ પહોંચી જાય છે. વહુ તરીકે જીવેલી લતા એમના મૃત્યુ પછી દીકરી બની રહે છે. તારાબહેનના એક બ્લાઉઝનો આંતરસેવો ઉકેલતી લતાના હૃદયનો આંતરસેવો પણ ઉકેલાતો જાય છે. સાસુ સાથે દીકરી જેવી આત્મીયતા કેળવી ન શકેલી લતા અંતે પશ્ચાત્તાપ અનુભવી રહે છે. સામાજિક માન્યતાઓ અને પોતાના અહમે એના જે પ્રેમને કુંઠિત કરી દીધો હતો એની સરવાણી સાસુના મૃત્યુ પછી વહેવા લાગે છે. લતાના અચેતનમાં રહેલી ગ્રંથિ અને પ્રેમાળ સાસુથી કેવી અળગી રાખે છે તેની મનોવૈજ્ઞાનિક ચિત્રણા અહીં કલાત્મક બની છે.

'અભિનંદન' વાર્તામાં પરિણીત પુરુષને પ્રેમ કરતી નાયિકાના ગુનાહિત મનોભાવોનું નિરૂપણ થયું છે. પતિની સગવડો પ્રેમપૂર્વક સાચવતાં રમાબહેન પતિની શારીરિક-માનસિક જરૂરિયાતને સમજી શકતાં નથી. પુત્ર નિખિલનાં લગ્ન પછી તો તેઓ પૂરેપૂરાં ધર્મ, ભક્તિ અને સામાજિક વ્યવહારોમાં રમમાણ રહેવા લાગ્યાં અને પતિ પ્રશાંત એની સહકાર્યકર્તા પદ્મા સાથે સંબંધમાં આવે છે. રમાબહેનને આમાં સહેજ પણ વાંધાજનક લાગતું નથી. ઘણી વાર તો તેઓ જાતે જ પતિને પદ્મા સાથે બહાર ધકેલતાં. નિખિલની પત્ની અને પદ્માની ભત્રીજી ઋચાને આ વાત ગમતી નથી. પરિણામે પ્રશાંત અને રમાબહેનના પરસ્પર સંમતિથી છૂટાછેડાનો કેસ હતો. પદ્મા ઑફિસેથી ઘરે પહોંચે છે ત્યાં સુધીમાં તો તે એક યુગ જીવી જાય છે. પ્રશાંત તરફનો પ્રેમ અને રમાબહેનનો એના તરફનો સરળતાભર્યો સ્નેહ – આ બન્ને વચ્ચે તે સતત પિસાય છે. પોતે કોઈની વસ્તુ પડાવી લેતી હોય એવો ભાવ અનુભવે છે. ઘરે પહોંચતાં સુધી તો એને અનેક ખરાબ વિચારો આવે છે. એને અને પ્રશાંતને જોડનારા પુલ સમાન રમાબહેન ખસી જશે તો કિનારા આંખ મેળવી શકશે ? ભારે કશ્મકશમાં તે ઘરે પહોંચે છે ત્યારે પ્રશાંત દરવાજે જ ઊભો હતો અને તેને અભિનંદન આપે છે. પણ નાયિકા આનંદિત થઈ શકતી નથી. તેથી જ તે બોલી પડે છે, ''શેના ?'' પ્રશાંત અને રમાબહેન બન્નેને જુદી જુદી રીતે પ્રેમ કરતી પદ્માની સંકુલ લાગણીઓ આબેહૂબ આલેખાઈ છે.

'જાગતું પડ' વાર્તાની ૪૨ વર્ષીય કુંવારી નાયિકા એકલી જ ગોપનાથ મંદિરે ફરવા આવી છે. મંદિરનો શાંત વિસ્તાર અને નજીકનો સમુદ્ર તેને આનંદથી છલોછલ ભરી દે છે. દિવસના આવા અનુભવ પછી તે સાંજે ખેતરોમાં રખડવા નીકળી પડે છે અને રસ્તો ભૂલી જાય છે ત્યારે એક ગામડિયો તેનો માર્ગદર્શક બની પોતાના ઘરે લઈ જાય છે. એના ઘરે પહોંચતાં સુધીમાં નાયિકા ભય અને શંકાના ભાવોમાં ઘેરાય છે તેનું નિરૂપણ છે તો બીજી બાજુ પેલા ગામડિયાનો નિર્મળ પ્રેમભર્યો વ્યવહાર દર્શાવાયો છે. આ વિરોધમાંથી જ વાર્તા સર્જાઈ છે. નાયિકાના ચિત્તનાં સંચલનોનું ચિત્રાત્મક આલેખન આસ્વાદ્ય છે.

'નિરસન' વાર્તાનાં નાયક-નાયિકા જુદા જુદા સ્થળે અધ્યાપનનું કાર્ય કરે છે. નાયક મંત્રતંત્ર જેવી ગૂઢ વિદ્યામાં ફસાયો છે. તેની પીએચ.ડી.ની વિદ્યાર્થિની તેને સાચવે છે અને ભગવાન માની પૂજે છે. પતિ-પત્ની રજામાં ભેગાં થાય ત્યારે પણ જુદાં જ છે. પતિના વર્તનને કારણે નાયિકાની મનઃસ્થિતિ વિક્ષિપ્ત થયેલી છે. નાયિકા નાયક સાથે સાયુજ્ય રચવાના પ્રયત્ન કરે છે પણ નિષ્ફળ. છેવટે તેણે બેડરૂમ પણ જુદો કરી દીધો. તે સમજી ચૂકી છે કે એનું દામ્પત્ય ખોડંગાઈ રહ્યું છે. એ પતિ પાસે જૂનાગઢ જઈને પાછી સુરેન્દ્રનગર આવે છે ત્યારે એની જૂનાગઢ બદલી થયાનો પત્ર મળે છે ત્યાં વાર્તા પૂરી થાય છે. અહીંથી આગળ શું એના ઘણા વિકલ્પો ભાવક કલ્પી શકે છે. અંતે નાયિકાનું ભ્રમનિરસન, પ્રતિકૂલન, દમન કે અન્ય પ્રયુક્તિ તરફ એને ગતિશીલ કરશે ? મનોવિજ્ઞાનની દૃષ્ટિએ વાર્તાને આગળ ચલાવી શકાય એવી શક્યતા વાર્તાકારે ઊભી કરી છે.

'આડા હાથે મુકાયેલું ગીત'માં નાયિકા સુજાતાના લગ્ન પહેલાંના બધા શોખ મનના અગોચર ખૂણામાં ધકેલાઈ ગયા છે કેમકે પતિને એ ગમતા નથી. પતિએ પહેલી જ મુલાકાતમાં સ્પષ્ટ કહેલું કે, ફૅશન્સ અને મેકઅપ એને બિલકુલ પસંદ નથી... ''તમે તો આટલાં સુંદર છો પછી...'' વાક્યના ઉત્તરાર્ધમાં રહેલી પ્રશંસાની ઉત્તેજનામાં સુજાતાએ મેકઅપ છોડી દીધો. પછી તો લગ્ન બાદ વિશ્વાસને ગમતી સાડી પહેરી, બાળકોને ભાવતી રસોઈ કરી... બધું જ પતિને ગમતું કર્યું. ક્યારેક આ બધાંમાં તે ભૂલી પડી જતી. માલતી સાથેની મુલાકાત એને લગ્ન પહેલાંના સમયમાં લઈ જાય છે અને એના પ્રિય ગીતનો દોર પકડાવે છે. અહીં બન્ને સખીઓના લગ્ન પછી થયેલા પરિવર્તનની જ વાત છે પણ વાત દેખાય છે એટલી સીધીસાદી નથી. લગ્ન પછી સ્ત્રી અને પુરુષ અનુકૂલન સાધવા બદલાય તે સ્વાભાવિક અને અનિવાર્ય છે, પણ અહીં તો સ્ત્રીએ જ પૂરેપૂરા બદલાવાની વાત છે. આડા હાથે મુકાયેલું ગીત માલતી દ્વારા પાછું મળવાથી ખુશ થવું કે ઉદાસ તે સુજાતા સમજી શકતી નથી પણ આજે વિશ્વાસ જેવા પતિને પામ્યાના સુખમાં થોડો કચવાટ જાગે છે. તેને આડા હાથે મુકાયેલું ગીત તો મળ્યું પણ વીત્યાં વર્ષોથી રજોટાયેલું. સ્ત્રીની નિયતિમાં લપાયેલી ઝીણી ફાંસ દર્શાવાઈ છે.

'પગેરું' વાર્તાની નાયિકાના વ્યાખ્યાનને સાંભળી એને મળવા એક મા દીકરી સાથે આવે છે. સંસારનાં બધાં જ દુઃખો ભોગવી ચૂકેલી વૃદ્ધાને પુત્રીની ચિંતા છે કેમકે પોતે ઘરડાંઘરમાં રહેવા જવાની છે. આ પરિસ્થિતિમાં પુત્રીને કંઈક કામ મળે તે માટે માજી નાયિકાને વીનવે છે. અને નાયિકા ''સાંજે શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમમાં આવજો'' કહી ઉતારા તરફ જાય છે. સાંજે મા-દીકરી એને મળવા ન આવ્યાં. ત્યાર બાદ બે મહિના પછી છાપામાંની કથાની જાહેરાત વાંચીને નાયિકા એમનું પગેરું શોધવા નીકળી પડે છે. પણ કઈ નિશાનીએ શોધવાં બન્નેને ? નાયિકા માત્ર સમાજસેવાના આશયથી નહીં પણ કોઈ અજાણ્યા અનુબંધથી ખેંચાતી હતી. કદાચ દુઃખી મા-દીકરીમાં નાયિકાને પોતાના ભૂતકાળની ઝાંખી થતી હોઈ શકે. અહીં બધું જ નિરૂપણ વ્યંજનાસ્તરે થયું છે. કોઈ પણ નક્કર ઘટના ન હોવા છતાં વાર્તા ભાવકહૃદયમાં ઊંડે ઊતરી જાય એવી છે. એમાંની સંદિગ્ધતાઓ જ વાર્તાને રસકીય કોટિએ મૂકી આપે છે.

'ઉંબર વચ્ચે' વાર્તામાં લ્યુકોડર્મા થયેલી નાયિકાની પરણવાલાયક પુત્રીનો હાથ પકડવા કોઈ તૈયાર નથી તેની કથા છે. લ્યુકોડર્મા થવાની શરૂઆત થઈ ત્યારથી જ નાયિકા સંસારમાંથી પોતાની જાતને ખેંચી લે છે. અહીં નાયિકાની વેદના બેવડી છે. પોતાના રોગને કારણે દેખાવ આદિની પીડા, તો પુત્રીના લગ્નની ચિંતા. પણ અહીં સહુથી વધુ પીડાકારી એ છે કે પતિ અને પુત્રી એના દુઃખને ઝંઝેડતાં નથી તો કંઈ ન બોલીને એની સાથે અજાણ્યા બની રહે છે. કોઈ પણ વાંક વગર નાયિકા ગુનેગારના પાંજરામાં ઊભી છે. લેખિકાએ નાયિકાનાં સૂક્ષ્મ સંચલનોનું આલેખન વાસ્તવિકતાની ધારથી અને મનોવૈજ્ઞાનિક રીતિએ અસરકારક રીતે કર્યું છે.

પ્રસ્તુત સંગ્રહની 'પોયણાં' અને 'તાવણી' વાર્તાઓનાં પાત્રોનું મનોજગત પણ સરસ આલેખ્યું છે. 'પોયણાં' વાર્તામાં નાયકની જાતીય વૃત્તિની કુંઠાનું મનોવૈજ્ઞાનિક નિરૂપણ થયું છે. તો 'તાવણી' વાર્તામાં ગોર અને વજુભાના જીવનનો સંઘર્ષ સમાંતરે આલેખાયો છે.

આ વાર્તાઓ અંગે લેખિકા આરંભે નોંધે છે : ''મારી વાર્તાઓનાં પાત્રો એક સ્થળેથી બીજા સ્થળે ગતિ કરતાં કરતાં પોતાનું મનોજગત ખોલતાં હોય છે. આ યાત્રા અંદર-બહાર બન્નેની છે... સ્થળનાં સ્થૂળ વર્ણનો મને સંકેતાર્થ સુધી લઈ જાય છે.'' ટૂંકમાં, પાત્રોનાં આંતરસંચલનોને લક્ષિત કરતી આ વાર્તાઓમાં લેખિકાએ વાર્તાની અનિવાર્યતા પ્રમાણે જાતીયતાનું પ્રગલ્ભક આલેખન કરવાનું સાહસ કર્યું છે. પતિને વશ કરવા પહેલ કરતી 'નિરસન' વાર્તાની નાયિકાનું વર્તન કે 'પોયણાં' વાર્તામાં પમ્મીના પડકારને ઝીલવા તત્પર નાયકનું વર્તન આનાં નિદર્શનો છે. પાત્રોની આંતરચેતના અને સમાજચેતના વચ્ચેનો સંઘર્ષ એમને જીવંત બનાવે છે. ઉલ્લાસમય સ્ત્રીસંવેદન અહીં નથી. આ નારીપાત્રોને ક્યાંક ને ક્યાંક ઝીણું દુઃખ કે તાણના અનુભવમાંથી પસાર થતાં દર્શાવાયાં છે. અહીં સ્ત્રીસંવેદનાનું નિરૂપણ વિધેયાત્મક અભિગમથી થયું છે. નારીપાત્રોનાં મનોવાસ્તવનાં વિવિધ પરિમાણો વ્યક્ત કરવામાં વાર્તાકારે સાંકેતિક ભાષા પ્રયોજી છે. આવી ભાષા વડે રચાયેલું વાર્તાવાસ્તવ અભિવ્યક્તિરીતિના સૂઝપૂર્વકના પ્રયોગને કારણે આસ્વાદ્ય બન્યું છે. અહીં મહદ્અંશે પ્ર. પુ. એકવચન કથનરીતિ અને ફ્લૅશબૅક રચનારીતિનો ઉપયોગ કરાયો છે. 'દહેશત'ની નાયિકાને સસરાને ઍટેક આવ્યાનો સંદેશો મળતાં એના ચિત્તમાં સસરા સાથેના ભૂતકાળના પ્રસંગોના તાણાવાણા ઉકેલાતા જાય છે અને વાર્તારૂપ બંધાય છે. 'બાંધણી' વાર્તાની સુધાનું મનોગત એની વિચારયાત્રામાં પ્રગટ્યું છે. અહીં પણ વર્તમાન-ભૂતકાળના પ્રસંગોની ગૂંથણીથી વાર્તા સર્જાઈ છે. 'મંગળસૂત્ર' વાર્તામાં પુષ્પાનાં વિચારો તથા કથન, વર્ણન અને સંવાદથી વાર્તારચના થઈ છે. 'આંતરસેવો'ની નાયિકા લતાનાં ચિત્તસંચલનો દ્વારા જ પ્રસંગો ઊઘડતા ગયા છે. 'અભિનંદન' વાર્તાની 'પદ્મજા' ઑફિસેથી રિક્ષામાં ઘરે જાય છે ત્યાં સુધીમાં તો પ્રશાંત સાથેના અને રમાબહેન સાથેના જિવાયેલા પ્રસંગો સજીવ બની રહે છે. 'પગેરું'માં પ્ર. પુ. એ.વ.થી નાયિકાનું ભયજગત ઊઘડ્યું છે. 'ઉંબર વચ્ચે' વાર્તાની ઋજુને લ્યુકોડર્મા થયો છે અને પુત્રી તથા પતિ છોકરો જોવા મુંબઈ ગયા છે ત્યારે હીંચકાની સાથે તેના મનની લોલવિલોલ ગતિ સાથે ભૂતકાળના પ્રસંગો આલેખાયા છે. આમ, આ વાર્તાઓમાં પ્ર. પુ. એ. વ. અને ફ્લૅશબૅક રીતિનો મહદ્અંશે ઉપયોગ કરાયો છે. સાહિત્ય કલાકૃતિ છે તો વિશિષ્ટ ભાષાઘટના પણ છે. સાહિત્યકૃતિને ભાષામાં ગોઠવવાની નથી પણ ભાષારચના કરીને કૃતિ સર્જવાની છે. આથી સાહિત્યમાં ભાષા એના સંકેતાર્થોને ઓળંગીને નવો અર્થ આપવાની ક્ષમતા ધરાવે છે. આ સંગ્રહની રચનાઓની ભાષા આ પ્રકારની છે. અહીં સંવેદન ધ્વનિપૂર્ણ રીતે પ્રગટ્યું છે. લેખિકાની ભાષારચના પાત્રોના અચેતનને પ્રચ્છન્ન રીતે વ્યક્ત કરે છે. ભાષાનું કાર્ય પાત્રોના અચેતન સાથે સંકલિત થયું છે ભાષાની સૂચનાત્મક શક્તિ લક્ષણા, પ્રતીક અને વ્યંજના સ્તરે પ્રવર્તે છે. વાર્તાઓનાં શીર્ષકો, વ્યંજનાપ્રધાન કે પ્રતીકાત્મક છે. જેમકે, 'આંતરસેવો', 'મંગળસૂત્ર', 'આડા હાથે મુકાયેલું ગીત', 'ઉંબર વચ્ચે' જેવાં દૃષ્ટાંતો નોંધી શકાય. 'આંતરસેવો' શીર્ષક લતાની ઉકેલાતી જતી ગાંઠોનું નિદર્શન કરે છે. અહીં બાહ્ય ઘટનાને લતાના મનોગત સાથે સાંકળી છે. 'મંગળસૂત્ર'નો રૂઢિગત અર્થ બદલાઈને માત્ર સાંકેતિક અર્થ જ – ''મંગળ કરનાર સૂત્ર'' સિદ્ધ થાય છે અને એમાંથી ઊભો થતો વ્યંગ્યાર્થ ''મંગળ કરનાર પુત્રી''નો પણ ચમત્કૃતિપૂર્ણ બને છે. ''આડા હાથે મુકાયેલું ગીત'' શીર્ષકમાં નાયિકાના લગ્ન પહેલાંનો સમય સૂચિત થયો છે. તો ''ઉંબર વચ્ચે'' શીર્ષક દ્વારા નાયિકાની કરુણ મનઃસ્થિતિ વ્યંજિત થઈ છે. આ ઉપરાંત અનેક ભાષાપ્રયુક્તિઓ દ્વારા વાર્તાકારે રચનાને ચમત્કૃતિપૂર્ણ અને વૈચિત્ર્યયુક્ત બનાવી છે. અલંકાર, કલ્પન, રૂઢિપ્રયોગો, વક્રોક્તિ આદિના વિનિયોગમાં વાર્તાકારની સર્ગશક્તિ પ્રગટી છે. અલંકારો સંવેદન, વિચાર કે સંઘર્ષને વ્યક્ત કરે છે. આ વાર્તાઓમાં પરિવેશ તરીકે આવતાં વર્ણનો પાત્રોના ભાવજગત કે ઘટનાનો સંકેત આપનારા છે. આમ આ વાર્તાઓની અભિવ્યક્તિરીતિઓ અને ભાષારચના સામગ્રીનું કલાવાસ્તવમાં રૂપાંતર કરવામાં સફળ રહી છે.

આ વાર્તાઓની બીજી મહત્ત્વની વિશેષતા એ છે કે તે ભાવકલ્પનાને સક્રિય કરે છે. ઘણી રચનાઓમાં વિગતોનું સમગ્રતયા નિરૂપણ ન કરીને વાર્તાકારે ભાવક માટે અવકાશ છોડ્યા છે. જેમકે 'દહેશત' વાર્તાના અંતે સસરાના મૃત્યુની ઘટના નાયિકાને મુક્તિનો ભાવ આપે છે કે તે, ગુનાહિત ભાવ અનુભવે છે તે સંદિગ્ધ જ રહે છે. 'પગેરું' વાર્તાની સમાજસેવિકા મા-દીકરીને શોધવા નીકળે છે તેનાં કારણોની અસ્પષ્ટતા ભાવકને એ દિશામાં વિચારવા પ્રેરે છે. ટૂંકમાં, 'બાંધણી'ની વાર્તાઓમાં સર્જકમૂલ્ય, ભાવકમૂલ્ય અને કૃતિમૂલ્ય સંયોજિત થયાં છે. અનેક કેન્દ્રોથી મૂલવવાની શક્યતાઓ વિસ્તારતી આ વાર્તાઓમાં સર્જકે સંવેદનને પ્રભાવક રીતે રજૂ કર્યું છે.



પરબ v મે, ૨૦૧૦

# ‘ટાબરિયાંની બાળવાર્તાઓ’ વિશે | શ્રદ્ધા ત્રિવેદી

[**‘ટાબરિયાંની બાળવાર્તાઓ’** : લે. જગદીશ ધનેશ્વર ભટ્ટ, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, પ્ર. આ. ૨૦૦૮, પૃ. ૭૪, કિં. રૂ. ૮૦/-]

શ્રી જગદીશ ધનેશ્વર ભટ્ટ એક સારા બાલસાહિત્યકાર છે. આઠેક જેટલા બાલકાવ્યસંગ્રહો તેમની પાસેથી મળ્યા છે. બાળકો માટે લખ્યું એ પહેલાં જ તેઓ ‘લીલીછમ વેદના’થી ગુજરાતી કાવ્યજગતમાં જાણીતા થયા હતા. હવે તેમની પાસેથી ‘ટાબરિયાંની બાળવાર્તાઓ’ (૨૦૦૮) નામે બાળવાર્તાસંગ્રહ મળે છે. ૭૪ પાનાંના આ સંગ્રહમાં ૪૭ વાર્તાઓ છે. એ તો સ્વયંસિદ્ધ હકીકત છે કે કોઈ વાર્તા લાંબી નથી. કેટલીક વાર્તાઓ એકાદ પાનની છે ને કોઈ કોઈ બે. બસ ! આમ કેમ ? આ ‘ટાબરિયાં’ માટેની વાર્તાઓ છે. ટાબરિયાં જરાય લંબાણ સહી શકે ? તો જેવો ભાવક તેવી વાર્તા. અલબત્ત, લેખકે પ્રસ્તાવનામાં જણાવ્યું છે તેમ અહીં તેમણે પોતાની બાલ્યાવસ્થામાં સાંભળેલી કે વાંચેલી વાર્તાઓ, જે હજી તેમને યાદ છે, તે અહીં રજૂ કરી છે. અલબત્ત, બધી જ વાર્તાઓ જોકે પરંપરાની નથી, કોઈ કોઈ મૌલિક રચના પણ છે. સર્જક જીવ છે એટલે કંઈક નવું વિચારીને ન મૂકે તો જ નવાઈ ! પણ એકંદરે અહીં સમાજમાં પ્રચલિત કથાનકોનું પ્રમાણ વધારે છે. અહીંની વાર્તાઓ આપણે માટે જાણીતી છે, પણ ‘ટાબરિયાં’ માટે તો નવી જ રહેવાની ! વળી આ એવી વાર્તાઓ છે જે તે જ્યારે નાના હતા ત્યારે વાંચેલી-સાંભળેલી. એટલે નાનાં બાળકોને કયાં કથાનકો ગમે તેનો અંદાજ તેમને છે. ને હવે જ્યારે તે પોતે ‘નાના’ કે ‘દાદા’ થયા છે ત્યારે એ પોતાને ગમતી વાતો અહીં બાળકો માટે લાવ્યા છે.

બાળકોને પ્રેરણા આપે તેવું પહેલું કથાનક છે ત્રણ ટાબરિયાંના પરાક્રમનું. દારૂની ભઠ્ઠી કરનારાઓ પોતાનો આ ખરાબ ધંધો છુપાવવા રાત્રે સ્મશાનમાં બૂમબરાડા પાડતા ને ભડકા કરતા. શિક્ષકની સહાયથી ત્રણ નાનાં બાળકોએ આ પોલ ખોલી. આમ આ સંગ્રહ દ્વારા લેખક બાળકોની બીક ભાંગવા માંગે છે, તેમને નીડર બનાવવા ઇચ્છે છે. આમ પ્રથમ કથાનકથી જ આ સંગ્રહ બાળઘડતરનો પ્રારંભ કરે છે.

અહીં અનેક મહાનુભાવોના જીવનના પ્રેરણાત્મક પ્રસંગોનું રસાવહ આલેખન છે. એ પ્રસંગો નિમિત્તે લેખકે બાળકોને જીવનના કોઈ ને કોઈ ગુણ વિશે વાત કરી છે, જીવનલક્ષી બોધ આપ્યો છે. દા.ત., સી. વી. રામનના પ્રસંગ દ્વારા એકાગ્રતાનું મૂલ્ય સમજાવ્યું છે. અહીં અહમદશાહ, શિવાજી, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, વિદુષી લીલાવતી, વિવેકાનંદ, તાનારીરી કે વાલ્મીકિ જેવી અનેક વિભૂતિઓ – વ્યક્તિઓ નિમિત્તે લેખકે મૂલ્યબોધ આપ્યો છે. બીરબલ જેવા ચતુરપુરુષ કે વિમળશા જેવી વ્યક્તિઓના પ્રસંગો સાદી ભાષામાં વર્ણવ્યા છે. કુંભનદાસના પ્રસંગ દ્વારા સંતોષનો મહિમા અને સાચા આનંદની વાત કરી છે. અલબત્ત, આ બધા પ્રસંગો વાર્તાઓ નથી, પણ બાળમાનસઘડતર માટે પથ્ય વાચનસામગ્રી બની રહે છે. આમ તો ચતુરાઈ માટે બીરબલ જાણીતું પાત્ર છે, અહીં તેની ચતુરાઈની એક વાર્તા છે. તો સાથે ચાતુરીપ્રધાન અન્ય વાર્તાઓ પણ છે. દા.ત. ‘ચતુર શેઠશેઠાણી’ – આમાં શેઠ-શેઠાણી કેવી ચતુરાઈપૂર્વક ચોરને ‘દીકરો’ કરી પોલીસને સોંપે છે તે સાંભળી બાળક ખુશ થાય તો વાંદરો, ચકલી, શિયાળ જેવાં પશુ-પંખીની ચતુરાઈની વાતો પણ છે. એ તો સ્વાભાવિક છે કે બાળકોને પશુપંખીની વાર્તાઓમાં વિશેષ રસ પડે. તેથી જ અહીં ગધેડો, વાંદરો, ચકલી, હરણ, બિલાડી, સિંહ વગેરેની નાની વાર્તાઓનું પ્રમાણ ખૂબ છે. અલબત્ત, આમાંના મોટા ભાગનાં કથાનકો પ્રચલિત છે તેથી લેખકે માત્ર રજૂઆત પરત્વે જ સભાનતા દાખવવાની છે, ને તે લેખકે રાખી છે. નાનાં નાનાં સાદાં વાક્યોમાં વાર્તા રજૂ થાય છે ને છેલ્લે તેમાં જે બોધ રહેલો હોય છે તેને ટૂંકમાં તે રજૂ કરે છે. દા.ત. ‘મોટાનું પગલું.’ સિંહનાં પગલાંને સાચવવા બેઠેલું બકરીનું બચ્ચું કઈ રીતે વરુ-રીંછ પાસેથી બચે છે ને છેલ્લે સિંહ એને કેવી રીતે સાચવે છે તે વાંચી બાળકને મજા પડે. તો ‘શિયાળની ચતુરાઈ’ વાર્તામાં શિયાળ ને શિયાળવી સિંહથી બચવા ખોટેખોટું કહે છે ને બચી જાય છે. ત્યાં લેખક લખે છે : ‘સંકટ સમયે અટવાયા સિવાય તેમાંથી નીકળવાનો રસ્તો વિચારવો જોઈએ.’ તો મૂર્ખાઓની વાર્તા પણ નોંધપાત્ર છે. ‘ગણતર વિનાનું ભણતર’માં માત્ર પુસ્તકિયું જ્ઞાન ધરાવનારાઓની સરસ ઠેકડી ઉડાડી છે. ‘ધીરજની કસોટી’ વાર્તામાં લેખકે લાંબુ કથાનક, બહુ નાનાં નાનાં વાક્યો દ્વારા ટૂંકમાં સીધી રીતે રજૂ કર્યું છે. વાક્યો કેવાં નાનાં ને કથાનક કેવું સીધી ગતિએ ચાલે છે તે જોઈએ : “વરસો જૂની વાત છે. ચંદ્રનગર નામે શહેર હતું. દરિયા કિનારે હતું. ત્યાંના લોકો સુખી હતા. કામધંધા સારા હતા. ખાધેપીધે સૌ સુખી હતા. આ શહેરમાં લક્ષ્મીચંદ શેઠ રહે. તેમનાં પોતાનાં વહાણો હતાં. દેશ-પરદેશનો વેપાર ખેડે. વહાણો પરદેશમય. વરસે પાછાં વળે. અહીંથી માલ પરદેશ લઈ જાય. ત્યાંથી માલ લાવે. મબલખ કમાણી.” કેવી સરળ સીધી રજૂઆત છે તે જોઈ શકાય છે. સામાન્યતઃ લેખકે મોટેભાગે વાર્તાના અંતે ટૂંકમાં એ વાર્તાના સારરૂપ કોઈ મૂલ્યને રજૂ કર્યું છે. એકાદ વિધાનમાં તે રજૂ થાય ત્યારે તો તે યોગ્ય લાગે અથવા ચાલે. પણ જ્યારે એમાં બોધકતા વધુ આવે તો કઠે. દા.ત. ‘વતનપ્રેમ’ વાર્તાનો અંત. જોકે આવું તે અપવાદ રૂપે જ થયું છે. બાકી ટાબરિયાં માટે આ વાર્તાઓ છે તેથી લેખકે જે રીતે તેને મૂકી છે તે યોગ્ય છે. હવે તેઓ સંપૂર્ણ મૌલિક કથાઓનો સંગ્રહ પણ આપે તો ભૂલકાંઓને વધુ ગમશે.

r

# અસ્મિતાપર્વ-૧૩

**અજય પાઠક**

ભાવનગર જિલ્લાના મહુવા ગામે માલણ નદીના કિનારે આવેલા શ્રી કૈલાસ ગુરુકુળમાં પૂ. મોરારિબાપુના સાંનિધ્યમાં તા. ૨૭-૩-૨૦૧૦ શનિવારથી તા. ૩૦-૩-૨૦૧૦ મંગળવાર સુધી અસ્મિતાપર્વ-૧૩નું આયોજન થયું જેમાં કલાકારો, કવિઓ, સાહિત્યકારોએ વિશાળ સંખ્યામાં હાજરી આપીને ઉચ્ચ કોટિના સાહિત્યરસનો આસ્વાદ માણ્યો હતો.

તા. ૨૭ માર્ચની સવારે ૯.૦૦ કલાકે ગુરુકુળના વૃક્ષ-વનરાજીથી શોભતા રમણીય વાતાવરણમાં સંગીતની સુરાવલિ સાથે સાહિત્યસત્રનો પ્રારંભ થયો હતો.

શરૂઆતમાં સમગ્ર કાર્યક્રમનો સંચાલનદોર સંભાળતા શ્રી હરિશ્ચન્દ્રભાઈએ પૂ. બાપુ વતી સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ, તાજેતરમાં સદ્‌ગત થયેલ સાહિત્યકારો / કલાકારો સર્વશ્રી રાજેન્દ્ર શાહ, શ્રીકાંત ત્રિવેદી, જગદીપ સ્માર્ત, દિલેરબાબૂને મૌન શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. સાથે હૉસ્પિટલમાં ગંભીર તબિયતની સારવારમાં રહેલા શ્રી જોસેફ મૅકવાનના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

ત્યારબાદ સર્વશ્રી હેમલબહેન ભટ્ટ, મહેશ ચંપકલાલ, ધરમશીભાઈ શાહ, કેશુભાઈ દેસાઈ, કૌશિક મહેતા, કાંતિ ભટ્ટ અને પૂ. બાપુ દ્વારા દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

સાહિત્યસંગોષ્ઠિ-૧નો વિષય હતો 'ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય'. આ બેઠકનું સંચાલન શ્રી બળવંત જાનીએ કર્યું હતું. ડાયસ્પોરા સાહિત્યના ત્રણ સર્જકો સર્વશ્રી આદિલ મન્સૂરી, મધુ રાય અને પન્ના નાયક વિશે અનુક્રમે સર્વશ્રી જયેન્દ્ર શેખડીવાળા, મહેશ ચંપકલાલ અને નૂતન જાનીએ વક્તવ્યો આપ્યાં હતાં. ડાયસ્પોરા શબ્દના અર્થસંકેતો, આ સાહિત્યનાં લક્ષણો, તેના ગુજરાતી પર્યાયો, તેની વિભાવના વગેરેની ચર્ચા થઈ હતી. ત્રણે સર્જકોના સર્જનને વક્તાઓએ ઉચિત ન્યાય આપી આસ્વાદમૂલક શૈલીથી બિરદાવ્યું હતું. બળવંત જાનીએ ગુજરાતી સાહિત્યના મુખ્ય પ્રવાહ અને ડાયસ્પોરા સાહિત્યના વહેળા વચ્ચેની ભેદની ભીંત્યું ભાંગવાની જિકર કરી હતી.

સાહિત્યસંગોષ્ઠિ-૨નો વિષય હતો 'ગુજરાતી કાવ્યસંગીતવિચાર'. આ બેઠકનું સંચાલન શ્રી તુષાર શુક્લે કર્યું હતું. ત્રણ ગાયક / સ્વરકાર વક્તાઓ સર્વશ્રી સુરેશ જોશી, અમર ભટ્ટ અને રાસબિહારી દેસાઈએ જાણીતા કવિઓની રચનાઓ પસંદ કરી ગાનનિદર્શન સાથે પોતાના અનુભવની વાત કરી હતી. શ્રી તુષાર શુક્લે ઉચિત ટિપ્પણીઓ દ્વારા વિષયને ખોલવાનો ઉપક્રમ રાખ્યો હતો. બહુ જ આસ્વાદમૂલક કર્ણમધુર સ્વરરચનાઓથી સમગ્ર બેઠક સફળતાનો ઊંચો આંક સિદ્ધ કરનારી બની હતી.

તા. ૨૮ માર્ચની સવારે ૯.૦૦ કલાકે સાહિત્યસંગોષ્ઠિ-૩નો આરંભ થયો હતો. વિષય હતો 'કવિકર્મપ્રતિષ્ઠા અને કાવ્યપાઠ'. આ બેઠકનું સંચાલન શ્રી રઘુવીર ચૌધરીએ કર્યું હતું. 'સુરેશ દલાલની કવિતા' અને 'હરીશ મીનાશ્રુની કવિતા' વિશે અનુક્રમે શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ તથા શ્રી અજીત ઠાકોરે વક્તવ્યો આપ્યાં હતાં. સુરેશ દલાલે લોકપ્રિય શૈલીમાં વાતો કરતાં કરતાં પોતાનો કાવ્યપાઠ કર્યો હતો જ્યારે હરીશ મીનાશ્રુએ કેફિયત આપતાં જઈ પોતાનાં વક્તવ્યો વાંચ્યાં હતાં. બંને કવિઓની કવિતા સહૃદયો સુધી પહોંચી હતી. વ્યાખ્યાનો વિદ્વદ્‌ભોગ્ય હતાં. રઘુવીર ચૌધરીની નર્મ-મર્મયુક્ત સરલ વાણી શ્રોતાજનોમાં સ્મિત પ્રસરાવતી હતી.

તા. ૨૮-૩, રવિવાર બપોરે ૩.૩૦ વાગે સંગોષ્ઠિ-૪ આરંભાઈ હતી. વિષય હતો 'મારી અભિનયયાત્રા'. આ બેઠકનું સંચાલન શ્રી વિનોદ જોશીએ કર્યું હતું. ત્રણ રંગકર્મીઓ સર્વશ્રી રૂપા દિવેટિયા, સરિતા જોશી અને ઉપેન્દ્ર ત્રિવેદીએ પોતાની અભિનયયાત્રાની કેફિયતો આપી હતી. ત્રણે કલાકારોની વાણીમાં વેદના અને સંવેદના છલકતાં રહ્યાં હતાં. કેટલીક ક્ષણોમાં કલાકારની સાથે શ્રોતાજનો પણ આર્દ્ર બન્યાં હતાં. સંગીત અને અભિનયયાત્રા બંને બેઠકો દરમિયાન કલાકાર વક્તાઓએ કવિઓ / લેખકોનું ઉચિત ગૌરવ કર્યું હતું અને ગુજરાતી ભાષા પ્રતિનો અપ્રતિમ પ્રેમ વ્યક્ત કર્યો હતો.

તા. ૨૯ માર્ચ, સોમવાર સવારે ૯.૦૦ કલાકે સાહિત્યસંગોષ્ઠિ-૫નો પ્રારંભ થયો હતો. વિષય હતો 'ગુજરાતી બાળસાહિત્ય'. આ બેઠકનું સંચાલન શ્રી હરિકૃષ્ણ પાઠકે કર્યું હતું. અસ્મિતાપર્વના ૧૩મા વર્ષે ''બાળસાહિત્ય''નો ચર્ચામાં પ્રવેશ થયો છે તેવી નોંધ લેવાઈ હતી. પ્રાસ્તાવિક ભૂમિકા બાંધતાં શ્રી હરિકૃષ્ણ પાઠકે કહ્યું કે અહીં બાલદેવની આરાધના કરવાની છે. તેમણે ઊડતી નજરે ગુજરાતી સાહિત્યમાં બાળકાવ્યોનાં સર્જન અંગેની થયેલી કામગીરી નોંધી અને મોટા સાહિત્યકારોએ બાળસાહિત્યસર્જન પ્રતિ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ એવી જિકર કરી હતી. આ વિષયમાં વાર્તાઓ, કાવ્યો અને જીવનચરિત્રોમાં થયેલી કામગીરી અંગે સર્વશ્રી શ્રદ્ધાબહેન ત્રિવેદી, ઈશ્વર પરમાર તથા યશવંત મહેતાએ અનુક્રમે અભ્યાસપૂર્ણ રજૂઆતો કરી હતી. નિરીક્ષણો અને અભિવ્યક્તિની લાક્ષણિકતા બદલ સમગ્ર સત્રની બધી બેઠકોની કુલ વાહ વાહ / દાદથી વધુ દાદ ઈશ્વર પરમારના વક્તવ્યને પ્રાપ્ત થઈ હતી. બે/ત્રણ પ્રસંગે તો પૂ. બાપુ પણ આફરીન થયા હોય તેમ જોવા મળ્યું હતું. બેઠકના અંતે શ્રી હરિકૃષ્ણ પાઠકે મંચનક્ષમતા ધરાવતા પોતાના એક બાળકાવ્યનું પઠન કર્યું હતું : 'એ જ ધરમ ને પૂજા' ('હલ્લો-ફલ્લો'માંથી).

તા. ૨૯ માર્ચની બપોરે ૩.૩૦ કલાકે 'કાવ્યાયન' બેઠકનો પ્રારંભ થયો હતો. આ બેઠકનું સંચાલન શ્રી રવીન્દ્ર પારેખે કર્યું હતું. સર્વશ્રી ઉદયન ઠક્કર, ઉર્વીશ વસાવડા, કૃષ્ણ દવે, લલિત ત્રિવેદી, વંચિત કુકમાવાલા અને રવીન્દ્ર પારેખે પોતાનાં કાવ્યો વાંચ્યાં હતાં. બધા જ કવિઓની રજૂઆત સુંદર હતી. મુખ્યત્વે ગઝલ, ગીતનું પઠન થયું હતું. રવીન્દ્ર પારેખે સૉનેટને સંભાર્યું હતું. બાલમુકુન્દ દવે અને બ. ક. ઠાકોરની જાણીતી સૉનેટરચનાઓ – 'જૂનું ઘર ખાલી કરતાં' અને 'જૂનું પિયર ઘર' –નું પઠન કર્યું હતું. પોતે એક અછાંદસ રચના પણ વાંચી હતી.

તા. ૩૦ માર્ચ, મંગળવાર, ચૈત્રી પૂર્ણિમા – હનુમાન જયંતીનો દિવસ, સવારે ૯.૦૦ કલાકે તલગાજરડા, ચિત્રકૂટધામ ખાતે હનુમાનજી મહારાજની વિશાળ મૂર્તિ સમક્ષ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનો, કલાકારો, સાહિત્યકારો, રસજ્ઞો દ્વારા સુંદરકાંડનો સંગીતમય પાઠ થયો. ત્યારબાદ એક નાની દલિતકન્યા, એક દેવીપૂજક કન્યા તથા સેસલ્સ નિવાસી મહેમાન પરિવારજનો દ્વારા હનુમાનજી મહારાજની આરતી સુંદર ગાન સાથે કરવામાં આવી.

પૂ. બાપુ કરુણાસભર નેત્રો સાથે એક બાજુએ ઊભેલા જોવા મળ્યા તે એક ધન્ય ક્ષણ હતી. ત્યારબાદ, ચિ. મૈથિલી, ચિ. શિવાનીએ નૃત્યાંજલિ રજૂ કરી. ચિ. આહુતિનું કથ્થક નૃત્ય રજૂ થયું. ચિ. જાહ્નવીનું ભાવનૃત્ય રજૂ થયું. ત્યારબાદ, એવૉર્ડ અર્પણ વિધિ સંપન્ન થયો. સર્વશ્રી રઘુવીરભાઈ, શ્રદ્ધાબહેન ત્રિવેદી, ઉપેન્દ્ર ત્રિવેદી અને સેસલ્સથી પૂ. બાપુના ઘેર મહેમાન તરીકે પધારેલ પરિવારના સદસ્યને એવૉર્ડ અર્પણવિધિ માટે નિમંત્રવામાં આવ્યા અને તેમના હસ્તે સૂત્રમાલા, શાલ, એવૉર્ડ રાશિ તથા માનપત્ર અર્પણ કરવામાં આવ્યાં. શ્રી હરિશ્ચંદ્ર જોશીએ સૌ કલાકારોનો પરિચય આપ્યો તેમજ માનપત્રોનું પઠન કર્યું. ચિત્રકલાની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં શ્રી અકબર પદમસીને કૈલાસ લલિત કલા એવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો. પછી હનુમંત એવૉર્ડ અર્પણવિધિ સંપન્ન થયો. સુશ્રી લતા મંગેશકરને ભારતીય શાસ્ત્રીય સંગીતની આજીવન સેવાના ઉપલક્ષ્યમાં કંઠ્ય સંગીત માટે એવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો જેનો લતાજીની અનુપસ્થિતિમાં સુશ્રી વિભા દેસાઈએ તેમનાં વતી સ્વીકાર કર્યો. ઉસ્તાદ અબ્દુલ હલીમ ઝાફરખાં સાહેબને શાસ્ત્રીય વાદ્યસંગીત – સિતાર માટે એવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો. સુશ્રી યામિની કૃષ્ણમૂર્તિને શાસ્ત્રીય નૃત્ય – ભરતનાટ્યમ્ માટે એવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો. પંડિત સપન ચૌધરીને શાસ્ત્રીય વાદ્ય સંગીત-તબલાં માટે એવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો.

એવૉર્ડ અર્પણવિધિ સંપન્ન થયા બાદ પૂ. મોરારિબાપુનું હનુમાન જયંતીના ઉપલક્ષ્યમાં પ્રાસંગિક વંદના વક્તવ્ય રજૂ થયું. પૂ. બાપુએ હિન્દીમાં પ્રવચન કર્યું પરંતુ ગુજરાતી ભાષા અને ગુજરાત તરફનો પ્રેમ વ્યક્ત કરતાં વેદનાસિક્ત વાણીમાં કહ્યું કે દુનિયા ગુજરાતી, ગુજરાતીઓને સમજે તોય ઘણું...

તા. ૨૭, ૨૮, ૨૯ ત્રણે દિવસ રાત્રિ-કાર્યક્રમો તલગાજરડા ખાતે થયા જેમાં શાસ્ત્રીય કંઠ્ય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત (સરોદ) તથા શાસ્ત્રીય નૃત્ય-કથ્થકની રજૂઆત થઈ હતી. પર્વની પૂર્વસંધ્યાએ તલગાજરડા ખાતે કાનજી ભુટા બારોટની જાણીતી લોકવાર્તા ‘ઝીથરો ભાભો’ આધારિત નાટ્યરૂપાંતર ભરત યાજ્ઞિકના દિગ્દર્શન તળે રજૂ થયું. આગામી પર્વ પાંચ દિવસ માટે યોજવું તેવી પૂ. બાપુની ઇચ્છાને માન આપી તે રીતે આયોજન કરવું તેવા નિર્ણય સાથે સમગ્ર સત્ર સંપન્ન થયું.

r





# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## ‘સાહિત્યસિદ્ધાંત’ વ્યાખ્યાનશ્રેણીનું ત્રીજું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત ‘સાહિત્ય સિદ્ધાંત’ વ્યાખ્યાનશ્રેણીનું ત્રીજું વ્યાખ્યાન તા. ૧-૪-૨૦૧૦ના રોજ શ્રી વિજય પંડ્યાએ ‘ભરત અને ઍરિસ્ટોટલ : નાટ્યસ્વરૂપની વિભાવના’ વિશે આપ્યું હતું.

પ્રારંભે પારુલ કંદર્પ દેસાઈએ વ્યાખ્યાનશ્રેણીની ભૂમિકા બાંધી આપી હતી. વિજય પંડ્યાએ નાટકની વિભાવના સ્પષ્ટ કરી હતી. ત્યારબાદ ઍરિસ્ટોટલના પોએટિક્સ અને ભરતમુનિના નાટ્યશાસ્ત્ર વિશે એક એક મુદ્દાઓને લઈ ઝીણવટપૂર્વક ચર્ચા કરી હતી. પ્લૉટ, પાત્રો, અંત વગેરે વિશે મૂળમાંથી ઉદ્ધરણો સાથેની ચર્ચા ઘણી રસપ્રદ બની હતી. જાણીતા વિવેચક-સર્જક સુમન શાહે સર્જન પહેલાં કે સિદ્ધાંત એવો પ્રશ્ન પૂછીને ચર્ચાને જીવંત બનાવી હતી. ચારેય ભાષાના અધ્યાપકો જો આવા કાર્યક્રમમાં ઉપસ્થિત રહે એવી અપેક્ષા અસ્થાને ન ગણાય.

## ‘પાક્ષિકી’

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ‘પાક્ષિકી’ અંતર્ગત તા. ૮-૪-૨૦૧૦ના રોજ શ્રી હરીશ ખત્રીએ નિબંધનું પઠન કર્યું હતું. મિત્રને ઉદ્દેશીને લખાયેલા પત્રો સ્વરૂપે રજૂ થયેલા આ પ્રવાસનિબંધમાં કેરળની ભૂમિગત વિશેષતાનાં વર્ણનો ભાવકોને સ્પર્શી ગયાં હતાં.

## પરદેશના ગ્રાહકો માટે

ત્રણ માસ સુધી sea mailવાળા તમામ આજીવન સભ્યોને Air mailથી મોકલવામાં આવશે. સભ્યો, ૬૬૦/- લેખે લવાજમ મોકલાવે એવી અમારી શ્રદ્ધા છે.

## રવીન્દ્રભવન ‘કવિર અન્તરે કવિ’

રવીન્દ્રભવન તરફથી તા. ૭-૪-૨૦૧૦ના રોજ ગોવર્ધન સ્મૃતિમંદિરમાં વિશિષ્ટ દશ્યશ્રાવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો વિષય હતો : ‘Portrait of a Poet Within.’ રવીન્દ્રનાથના પ્રસિદ્ધ કાવ્ય ‘છબિ’ને કેન્દ્રમાં રાખી રવીન્દ્રનાથ માટે તેમનાં ભાભી કાદમ્બરી દેવી કેવી રીતે પ્રેરણામૂર્તિરૂપ હતાં, તેનું રવીન્દ્રનાથનાં આત્મકથનાત્મક લખાણો (જીવનસ્મૃતિ, છેલેવેલા, મંગપૂર્ત રવીન્દ્રનાથ)ને આધારે કલાગુરુ અવનીન્દ્રનાથનાં લખાણોને આધારે અને અન્ય કાવ્યરચનાઓને ગૂંથીને શ્રી શૈલેશ પારેખે પાઠ તૈયાર કર્યો હતો. એ પાઠના ત્રણ પ્રવક્તા હતા – નિરંજન ભગત, સુજ્ઞા શાહ અને શૈલેશ પારેખ. નીરવ પારેખ પણ એક સંયોજક હતા. પશ્ચાત્‌ભૂમિમાં કાદમ્બરી દેવીની તસવીર હતી અને છબિ કવિતાના ગાન સાથે એમની અન્ય મુદ્રાઓ પણ દશ્યફલક પર રજૂ થતી ગઈ. આ દશ્યશ્રાવ્ય રચનામાં ટાગોર પરિવારની વાત પણ વણી લેવામાં આવી

હતી, એમની છબીઓ સાથે. ટાગોર પરિવારમાં બાલિકા વધૂ બનીને આવ્યાં ત્યારે કાદંબરી દેવી નવ વર્ષનાં હતાં અને રવિ છ વર્ષના. પછી પરિચય વધતો ગયો. જોડાસાંકોની અગાશીની સંગીતસાહિત્યની આબોહવાની વાત વખતે પશ્ચાત્ભૂમાં સંગીતના સૂરો રેલાતા હતા – એ રીતે સમગ્રપણે સંવાદી સંયોજન હતું. એ પછી ચંદનનગરમાં ગંગાકિનારે જ્યોતિરિન્દ્રનાથ, કાદમ્બરી દેવી અને રવીન્દ્રનાથના કાવ્યસંગીતમય દિવસો – રવીન્દ્રનાથનું લગ્ન અને પછી કાદમ્બરી દેવીની રહસ્યમય આત્મહત્યા. એ પછી પ્રગટ થયેલાં રવીન્દ્રનાથનાં પુસ્તકો, જેમાં પ્રેરણા સ્થાને કાદમ્બરી દેવી હતાં – 'ભગ્ન હૃદય', 'ભાનુસિંહેર પદાવલિ' અને એ સંબંધોની ભૂમિકા પર લખાયેલી વાર્તા 'નષ્ટનીડ'નો પણ ઉલ્લેખ ગૂંથાયો.

સમગ્રપણે રવીન્દ્રનાથ માટે કાદમ્બરી દેવી 'કવિર અન્તરે કવિ' કેવી રીતે હતાં, તેની આ શ્રાવ્યદશ્યના માધ્યમથી સુંદર રીતે પ્રસ્તુતિ થઈ. શ્રોતાઓએ એ પ્રસ્તુતિનો એની સમાપ્તિ પછી ઉષ્માપૂર્ણ પ્રતિસાદ પણ આપ્યો. આગામી ૭મી મેથી રવીન્દ્રનાથના ૧૫૦મા જન્મવર્ષની દેશદુનિયામાં થનારી ઉજવણીની પરિષદમાં થયેલી આ પ્રસ્તુતિ નાન્દીરૂપ હતી.

## જેલ માટે પુસ્તકો

પરિષદે સમગ્ર ગુજરાતની બધીય જેલોમાં (૨૫) સાહિત્યિક પુસ્તકો ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ કર્યો છે. એ માટે દરેક જેલમાં હાલ ૫૦૦ પુસ્તક ભેટ મોકલવાનું વિચાર્યું છે.

જે સાહિત્યકારો-સાહિત્યરસિકો-પુસ્તકપ્રેમીઓ-પુસ્તકપ્રકાશકો પાસે વધારાનાં સારાં પુસ્તકો (બાહ્ય અને આંતરિક) હોય અને એ પુસ્તકદાન આપવા માગતા હોય તો પરિષદમાં મોકલી આપવા વિનંતી.. (પ્રથમ મોકલવા ઇચ્છતા પુસ્તકની યાદી, એની સ્થિતિ અને એની નકલોની જાણ અગાઉથી ચી. મં. ગ્રંથાલયના ગંગારામ વાઘેલા અથવા દીપ્તિબહેનને કરવા વિનંતી.)

આ યોજના પછી ગુજરાતભરની હૉસ્પિટલોમાં રોગથી પિડાતા દર્દીઓને પણ પુસ્તકો મળે એવો પ્રયત્ન કરવામાં આવશે.

**નોંધ :** પુસ્તકોનું ચયન કરીને જ આગળ મોકલવામાં આવશે.

## શ્રી જોસેફ મૅકવાનને શ્રદ્ધાંજલિ

તા. ૯-૪-૨૦૧૦ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત વિશ્વકોશ, ગુજરાત સાહિત્ય સભા, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય અકાદમી, દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન અને દલિત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ચરિત્રકાર, નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર, સંપાદક અને વિવેચક સ્વ. જૉસેફ મૅકવાનની શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શ્રી ઘનશ્યામ દેસાઈની વિદાય

'નવનીત-સમર્પણ' સામયિકના પૂર્વસંપાદક, પરામર્શનદાતા તેમજ આધુનિક વાર્તાકાર શ્રી ઘનશ્યામ દેસાઈનું તા. ૨૯-૪-૨૦૧૦ના રોજ અવસાન થયું છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.



# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## શ્રી નલિન રાવળને પ્રથમ કવીશ્વર દલપતરામ એવૉર્ડ

વઢવાણની સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થા વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ દ્વારા કવીશ્વર દલપતરામની સ્મૃતિમાં 'કવીશ્વર દલપતરામ એવૉર્ડ'ની આ વર્ષથી શુભ શરૂઆત થઈ. પ્રથમ એવૉર્ડ ગુજરાતી સાહિત્યના પ્રયોગશીલ અને પીઢ કવિ શ્રી નલિન રાવળને એનાયત થયો. તેનો કાર્યક્રમ તાજેતરમાં તા. ૦૪-૦૪-૨૦૧૦ને રવિવારે સુરેન્દ્રનગરમાં યોજાઈ ગયો.

સંસ્થાના ઉપપ્રમુખ શ્રી બનેસંગ ગઢવીએ પોતાના વક્તવ્ય દ્વારા શાબ્દિક સ્વાગત કર્યું તથા અન્ય મહાનુભાવો દ્વારા મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. દીપ્તિ કુંડલે દલપતરામના જીવન અને કવન વિશે વક્તવ્ય આપ્યું. દલપતરામના પુત્ર ન્હાનાલાલનાં પુત્રવધૂ પુષ્પાબહેન કવિએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. શ્રી હર્ષદ ત્રિવેદીએ શ્રી નલિન રાવળના કાવ્યસર્જન વિશે વિગતે વાત કરી. તેમણે એક કવિ તરીકે શ્રી નલિન રાવળની વિશેષતાઓ શ્રોતાઓ સમક્ષ રજૂ કરી. ત્યાર પછી કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ દ્વારા નલિન રાવળને મોમેન્ટો અને રૂપિયા પચ્ચીસ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો. સંસ્થાના પ્રમુખ શ્રી અમીત કંસારાએ નલિનભાઈને સાફો બંધાવી સૌરાષ્ટ્રની પરંપરા મુજબ સન્માન કર્યું.

આ પહેલાં ડૉ. નરેન્દ્ર રાવલે એવૉર્ડ અંગેની ભૂમિકા બાંધી આપી. કવીશ્વર દલપતરામ એવૉર્ડ પ્રદાન માટે વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટે પાંચ સભ્યોની એવૉર્ડ સમિતિની રચના કરી હતી. તેમાં સર્વ શ્રી ડૉ. મોતીભાઈ પટેલ, રમેશ આચાર્ય, ડૉ. દીપ્તિ કુંડલ, ચંદ્રકાન્ત વ્યાસ તથા ડૉ. નરેન્દ્ર રાવળનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સમિતિએ ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત કવિઓ, વિવેચકો અને સાહિત્યિક સામયિકોના સંપાદકોને ભલામણપત્રો મોકલી તેમના અભિપ્રાય મેળવ્યા હતા. અને એ અભિપ્રાયના અભ્યાસ પછી શ્રી નલિન રાવળને કવિશ્રી દલપતરામ એવૉર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## નર્મદ સાહિત્ય સભામાં સતીશ વ્યાસનું વ્યાખ્યાન

નર્મદ સાહિત્ય સભા દ્વારા સ્વ. ચંદ્રવદન મહેતા વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપ્યું હતું અને એમના નાટક 'ધરા ગુર્જરી'ને સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં સક્ષમ નાટક ગણાવ્યું. પ્રમુખસ્થાને પરિષદપ્રમુખ શ્રી ભગવતીકુમાર શર્મા હતા.

## ડૉ. શાંતિભાઈ આચાર્યને 'ગંગાબહેન પટેલ સારસ્વત સન્માન'

પ્રગતિ મિત્રમંડળ, બોરીવલી-કાંદિવલીના ઉપક્રમે ડૉ. શાંતિભાઈ આચાર્યને 'ગંગાબહેન પટેલ સારસ્વત સન્માન' અપાયું હતું. ડૉ. ઊર્મિબહેન દેસાઈએ શાંતિભાઈના સંશોધન વિષે વક્તવ્ય આપ્યું હતું. એમનાં અન્ય પ્રદાન વિષે ડૉ. કપિલા પટેલ અને ડૉ. પ્રીતિ જરીવાલાએ વક્તવ્યો આપ્યાં હતાં.

## હસ્તપ્રતવિદ્યા અને લિપિવિદ્યા વિશે કાર્યશિબિર યોજાયો

એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડૉલૉજી, અમદાવાદ દ્વારા ભારત સરકારના રાષ્ટ્રીય હસ્તપ્રત મિશન, નવી દિલ્હીના ઉપક્રમે હસ્તપ્રતવિદ્યા અને લિપિવિદ્યા વિશે કાર્યશિબિર તા. ૩૧ માર્ચથી ૫ એપ્રિલ, ૨૦૧૦ દરમ્યાન યોજાઈ ગયો. પ્રસ્તુત કાર્યશિબિરનું ઉદ્‌ઘાટન ઇન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ. જિતેન્દ્ર શાહે કર્યું હતું. શિબિરમાં લિપિ ઉપરાંત લેખનકળા, હસ્તપ્રતોના પ્રકાર, હસ્તપ્રત સૂચિપત્રો, હસ્તપ્રત સંપાદન, પાઠસંક્રમણ, મધ્યકાલીન ગુજરાતી હસ્તપ્રતોના સંપાદનના પ્રશ્નો વગેરે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યશિબિરમાં ડૉ. જિતેન્દ્ર શાહ, પ્રો. વસંત ભટ્ટ, ડૉ. કાંતિભાઈ શાહ, શ્રી મણિભાઈ પ્રજાપતિ, ડૉ. ઉત્તમસિંહ, શ્રી કનુભાઈ શાહ અને શ્રી મનોજકુમારે તજજ્ઞો તરીકે સેવાઓ આપી હતી. કાર્યશિબિરના ઉદ્‌ઘાટન-સમારોહ પ્રસંગે પ્રિ. કાનજીભાઈ પટેલે સ્વાગત અને પ્રા. કનુભાઈ શાહે આભારવિધિ કરી હતી.

## શ્રી શ્રેણિકભાઈ શેઠના વરદ હસ્તે ''કૌટિલીય અર્થશાસ્ત્ર''નો લોકાર્પણ યોજાયો

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર દ્વારા લા. દ. ગ્રંથશ્રેણી : ૧૪૬ હેઠળ પ્રકાશિત ગ્રંથ ''કૌટિલીય અર્થશાસ્ત્ર : દાર્શનિક અને સાંસ્કૃતિક પરીક્ષણ''નો લોકાર્પણ સમારોહ શેઠશ્રી શ્રેણિકભાઈના વરદ હસ્તે તા. ૨ એપ્રિલ, ૨૦૧૦ના રોજ યોજાઈ ગયો. સંસ્થાના નિયામકશ્રી ડૉ. જિતેન્દ્ર શાહે સંસ્થાની પ્રકાશનપ્રવૃત્તિ અને ગ્રંથની પ્રાસંગિકતા રજૂ કરી હતી. પ્રો. લક્ષ્મેશ જોશીએ પ્રસંગોચિત વક્તવ્યમાં પ્રસ્તુત ગ્રંથની સંશોધકીય અભિગમની ચર્ચા કરી હતી. શ્રી નીતિનભાઈએ પ્રતિભાવ સ્વરૂપે સર્જકની આંતરવેદના – કેફિયત રજૂ કરી હતી. પ્રો. કાનજીભાઈ પટેલે મંચસ્થ મહેમાનોનો પરિચય આપી સ્વાગતપ્રવચન કર્યું હતું. જ્યારે પ્રા. કનુભાઈ શાહે આભારવિધિ કરી હતી.

## સારસ્વત સ્મૃતિવંદનામાં જયંત કોઠારીના વિદ્યાતર્પણની સ્મૃતિ

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ દ્વારા 'દિવંગત સારસ્વત સ્મૃતિવંદના' કાર્યક્રમ હેઠળ આદરણીય વિદ્યાપુરુષ સ્વ. જયંત કોઠારીના વિદ્યાતર્પણનો કાર્યક્રમ તા. ૧ એપ્રિલ, ૨૦૧૦ના રોજ યોજવામાં આવ્યો. પ્રારંભમાં સંસ્થાના નિયામક ડૉ. જિતેન્દ્ર શાહે પ્રસ્તુત કાર્યક્રમ શરૂ કરવાનું હાર્દ પ્રસ્તુત કરી પ્રો. જયંત કોઠારીને આધુનિક યુગના ઋષિ ગણાવીને તેમના પ્રદાનની ચર્ચા કરી હતી. આ પ્રસંગે ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ તેમની સાથેની વિદ્યાકીય પ્રવૃત્તિઓનાં સંસ્મરણો તાજાં કરી મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, કાવ્યશાસ્ત્ર અને વિવેચનક્ષેત્રના પ્રદાનનું મૂલ્યાંકન કરી તેમને ખંતીલા અને તંતીલા સંશોધક-વિવેચક તરીકે ઓળખાવ્યા હતા. ડૉ. કાંતિભાઈ શાહે જયંતભાઈના વ્યક્તિત્વ અને સંશોધકીય અભિગમની વિશદ ચર્ચા કરી હતી. તેઓ મૈત્રી અને ગુણવત્તાને કદાપિ સાથે રાખે નહિ, તેમજ અનુમાન નહિ પણ પ્રમાણના આગ્રહી હતા. તેઓશ્રી પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષકના એક આદર્શ હતા. પ્રો. દર્શનાબહેન ધોળકિયાએ તેમને જીવનનિષ્ઠ વિદ્યાપુરુષ તરીકે ઓળખાવીને જયંતભાઈમાં રહેલ આદર્શ શિક્ષકત્વને ઉજાગર કર્યું. તેઓ વિદ્યોપાસનાની ક્ષણોમાં નર્યા શિક્ષક બની રહેતા. 'જયંત કોઠારી' પરિચયપુસ્તિકાના લેખક ડૉ. રમેશ ઓઝાએ પણ પ્રસંગોચિત સંસ્મરણો રજૂ કર્યાં હતાં. પ્રિ. કાનજીભાઈ પટેલે કાર્યક્રમના પ્રારંભમાં સૌનું સ્વાગત કરી મહેમાનોનો પરિચય કરાવ્યો હતો, જ્યારે પ્રો. કનુભાઈ શાહે આભારવિધિ કરી હતી.

## 'આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ : દર્શન અને ચિંતન' ગ્રંથનો લોકાર્પણ સમારોહ યોજાયો.

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. દિલીપ ચારણકૃત 'આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ : દર્શન અને ચિંતન' ગ્રંથનો લોકાર્પણ સમારોહ ઇન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ. જિતેન્દ્ર શાહની અધ્યક્ષતામાં અને યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાન વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર ડૉ. યજ્ઞેશ્વર શાસ્ત્રીના મુખ્ય મહેમાનપદે તા. ૩૧ માર્ચ, ૨૦૧૦ના રોજ યોજાઈ ગયો.

## ઉપાધ્યાય યશોવિજયજી કૃત 'જ્ઞાનસાર' અને 'પૌર્વાત્ય ભારત : શ્રમણ સંસ્કૃતિની શલાકાભૂમિ' વિશે વ્યાખ્યાનમાળાનું આયોજન

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ દ્વારા પ્રો. વી. એમ. શાહ અને શાંતાબહેન વી. શાહ સ્મૃતિ વ્યાખ્યાનમાળાના ઉપક્રમે ઉપાધ્યાય યશોવિજયજીકૃત 'જ્ઞાનસાર' વિશે રાષ્ટ્રપતિ પુરસ્કૃત વિદ્વાન ડૉ. ગૌતમ પટેલનાં અને 'સંગોષ્ઠિ'ના ઉપક્રમે 'પૌર્વાત્ય ભારત : શ્રમણ સંસ્કૃતિની શલાકાભૂમિ' વિશે જૈન સંસ્કૃતિ, ઇતિહાસ અને પુરાતત્ત્વનાં વિદુષી ડૉ. લતા બોથરાનાં વ્યાખ્યાનોનું તા. ૨૨, ૨૩, ૨૪ માર્ચ, ૨૦૧૦ના દિવસોમાં આયોજન કરવામાં આવ્યું હતું.

## તુલનાત્મક સાહિત્યક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન માટે પ્રો. ભોળાભાઈનું સન્માન

કમ્પેરેટિવ લિટરેચર એસોસિયેસન ઑફ ઇન્ડિયા (CLAI) અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી અને તુલનાત્મક સાહિત્ય વિભાગના ઉપક્રમે તા. ૨૯, ૩૦, ૩૧ માર્ચ-૨૦૧૦ના દિવસોમાં રાજકોટમાં યોજાયેલ તુલનાત્મક સાહિત્યના આંતરરાષ્ટ્રીય અધિવેશન અંગે ભારતીય ભાષાઓમાં તુલનાત્મક સાહિત્યક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરવા માટે પ્રો. ભોળાભાઈ પટેલનું ખાસ સન્માન કરવામાં આવ્યું. એમની સાથે સન્માનિત થનાર બીજા બે વિદ્વાનો હતા જાદવપુર યુનિવર્સિટી કોલકાતાના પ્રો. અમીયદેવ અને સાહિત્ય અકાદેમીના પૂર્વસચિવ પ્રો. ઇન્દ્રનાથ ચૌધરી.

r